P.07



પ્રિયંકાની વારાણસી ફિલ્મ આવતાં વર્ષે રામનવમીએ રીલિઝ થશે

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07



શ્રદ્ધા કપુર નાગિનનું શૂટિંગ એપ્રિલથી શરૂ કરશે

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૬૮ । વિક્રમ સંવત ૨૦૮૨ : મહા સુદ ૦૮ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 168 • Dt.26-01-2026 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


ઈરાનમાં લોહીની નદીઓ વહી : બે દિવસમાં ૩૬,૦૦૦ દેખાવકારોના નરસંહારનો દાવો 07



27 JANUARY- 2026 WEDNESDAY



07 ૨૫ના મોત, લાખો ઘરોમાં બત્તી ગુલ, ટ્રાન્સપોર્ટેશન ઠપ । અમેરિકામાં બરફના તોફાનની તબાહી


CYBER SECURITY

The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234


**સાયબર ગઠિયાઓએ હવે લોકોના બેન્ક ખાતામાં સેંધ મારવા માટે બાયોમેટ્રિક ડેટા અને આધાર કાર્ડને હથિયાર બનાવ્યું**

કચ્છથી લઈને ખેડા સુધી બાયોમેટ્રિક ડેટા ક્લોન કરીને પૈસા સેરવી લેવાના બનાવોમાં ચિંતાજનક વધારો નોંધાયો । સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, ઠગો પીડિતનું સિમ કાર્ડ ડિસેબલ કરાવી દે છે, જેથી ટ્રાન્ઝેક્શનના ઓટીપી કે એલર્ટ પણ મળતા નથી । સાયબર નિષ્ણાતોના જણાવ્યા મુજબ, ઠગો અત્યંત આયોજનબદ્ધ રીતે આ પદ્ધતિ અપનાવે છે

# રાજ્યમાં આધાર કાર્ડ હેક કરી તેની સાથે લિન્ક કરેલા બેન્ક ખાતામાં સાયબર ફ્રોડના કેસ વધતા ચિંતા

## ઉત્તર પ્રદેશની એક ટોળકીએ ગુજરાત સહિત ૧૨ રાજ્યોમાં ૧૫૦૦ જેટલા આધાર કાર્ડ અને રેશનકાર્ડમાં ચેડાં કરી સરકારી અનાજ અને નાણાંની ઉચાપત કરવાનું દેશવ્યાપી નેટવર્ક ચલાવ્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

સાયબર ગઠિયાઓએ હવે લોકોના બૅન્ક ખાતામાં સેંધ મારવા માટે બાયોમેટ્રિક ડેટા અને આધાર કાર્ડને હથિયાર બનાવ્યું છે. કચ્છથી લઈને ખેડા સુધી બાયોમેટ્રિક ડેટા ક્લોન કરીને પૈસા સેરવી લેવાના બનાવોમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, ઠગો પીડિતનું સિમ કાર્ડ ડિસેબલ કરાવી દે છે, જેથી ટ્રાન્ઝેક્શનના ઓટીપી કે ઍલર્ટ પણ મળતા નથી.સાયબર નિષ્ણાતોના જણાવ્યા મુજબ, ઠગો અત્યંત આયોજનબદ્ધ રીતે આ પદ્ધતિ અપનાવે છે. સૌ પ્રથમ સરકારી ડેટા અથવા અન્ય સ્રોતમાંથી આધાર કાર્ડની વિગતો મેળવવામાં આવે છે. આધાર સાથે લિંક કરેલી ફિંગરપ્રિન્ટને સિલિકોન અથવા અન્ય ટેકનિકથી ક્લોન કરવામાં આવે છે. ગ્રાહકને ખબર પડે તે પહેલાં તેનો મોબાઈલ નંબર ડિસેબલ કે બ્લોક કરાવી દેવાય છે. સિમ બંધ હોવાથી બૅન્કના મેસેજ આવતા નથી અને ઠગો બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા ખાતામાંથી લાખો રૂપિયા ઉપાડી લે છે.નડિયાદમાં એક હોટલ મેનેજરનું આધાર અને સિમ કાર્ડ બંધ થઈ જતાં તેમના બે ખાતામાંથી ૩.૮ લાખ રૂપિયા ઉપડી ગયા હતા. કચ્છના માંડવીમાં મહિલા તબીબના ખાતામાંથી ૧૦ હજાર, અન્ય એક ખાતેદારના ૮ લાખ અને લાયજા, વિથોણ જેવા ગામોમાં અનેક લોકો આનો ભોગ બન્યા છે.



ઉત્તર પ્રદેશની એક ટોળકીએ ગુજરાત સહિત ૧૨ રાજ્યોમાં ૧૫૦૦ જેટલા આધાર કાર્ડ અને રેશનકાર્ડમાં ચેડાં કરી સરકારી અનાજ અને નાણાંની ઉચાપત કરવાનું દેશવ્યાપી નેટવર્ક ચલાવ્યું હતું. આ ઠગો નકલી આધાર કાર્ડના આધારે નવા સિમ કાર્ડ મેળવી બૅન્ક ખાતા પણ ખોલાવતા હતા. કચ્છના માંડવી ચેમ્બર ઑફ કોમર્સે વડાપ્રધાન અને રિઝર્વ બૅન્કને રજૂઆત કરી છે કે, ગ્રાહકની પૂર્વ મંજૂરી વગર માત્ર બાયોમેટ્રિક પદ્ધતિથી પૈસા ઉપાડવાની વ્યવસ્થા બંધ કરવામાં આવે અથવા તેને વધુ સુરક્ષિત બનાવવામાં આવે. સુરતમાં ૧.૨૭ કરોડ રેશનકાર્ડ ધારકોનો ડેટા લીક થવાની અને વડોદરામાં વિઝા માટે નકલી બાયોમેટ્રિક ડેટા બનાવવાનું કૌભાંડ પણ ઝડપાયું હતું.

### ગુજરાત હાલ ડ્રગ્સ મુદ્દે ચર્ચામાં છે, જેમાંથી રાજકોટ પણ બાકાત નથી

# રાજકોટમાં માત્ર એક વર્ષમાં એકાદ કરોડનું ડ્રગ્સ પકડાયું

## ૨૦૨૫ની સાલમાં એસઓજીએ ૭૪૮.૫૫ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ પકડી પાડયું હતું । જેની બજાર કિંમત રૂા.૬૨.૩૦ લાખ છે

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૭ ।

ગુજરાત હાલ ડ્રગ્સ મુદ્દે ચર્ચામાં છે, જેમાંથી રાજકોટ પણ બાકાત નથી. રાજકોટમાં ગત વર્ષે એકલા એસઓજીએ જ એકાદ કરોડનું ડ્રગ્સ પકડી પાડયું હતું. તેના પરથી સ્પષ્ટ થાય છે કે શહેરમાં ડ્રગ્સનું દૂષણ ચિંતાજનક રીતે વધી ગયું છે. તેમાં પણ ખાસ કરીને યુવાવર્ગમાં વધતુ જતુ ડ્રગ્સનું દૂષણ વાલીઓની ચિંતા વધારે તેવું છે.૨૦૨૫ની સાલમાં એસઓજીએ ૭૪૮.૫૫ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ પકડી પાડયું હતું. જેની બજાર કિંમત રૂા.૬૨.૩૦ લાખ છે. મેફેડ્રોનનાં ૧૨ કેસો કરી કુલ ૧૭ આરોપીઓની ધરપકડ કરાઈ હતી. રેલનગર વિસ્તારમાં એક દુકાનમાં ખુલ્લેઆમ એમ.ડી. ડ્રગ્સ વેંચાતું હતું. જ્યાંથી ૩૦૦ ગ્રામનો રેકોર્ડબ્રેક જથ્થો કબજે કરવામાં આવ્યો હતો.યુવા વર્ગ, હાયર અને લોઅર મિડલ ક્લાસમાં જ્યાં એમ.ડી. ડ્રગ્સનું ચલણ વધુ છે ત્યા શ્રમિક વર્ગમાં ગાંજાનું ચલણ ચિંતાજનક રીતે વધ્યું છે. ૨૦૨૫ની સાલમાં એસઓજીએ ૧૧૪.૧૯ કિલો ગાંજો કબજે કર્યો હતો. જેની કિંમત રૂા.૧૩.૫૭ લાખ છે. ગાંજાનાં ૧૩ કેસોમાં કુલ ૧૮ આરોપીઓની ધરપકડ કરાઈ હતી. શહેરમાંથી ૨૦૨૫ની સાલમાં હેરોઈનનાં બે કેસો એસઓજીએ કરી રૂા.૨૧.૮૨ લાખનો ૪૩૬.૪૭ ગ્રામ જથ્થો કબજે કર્યો હતો. એસઓજીનાં પી.આઈ. સંજયસિંહ જાડેજાએ જણાવ્યું કે, ૨૦૨૫ની સાલમાં ડ્રગ્સ પેડલરો ઉપર અભિયાનનાં ભાગરૂપે ધોંસ બોલાવવામાં આવી હતી.



### મેફેડ્રોનનાં ૧૨ કેસો કરી કુલ ૧૭ આરોપીઓની ધરપકડ કરાઇ

ડ્રગ્સ સિન્ડીકેટને તોડી નાખવા માટે પૂરતા પ્રયાસો કરાયા છે. આજ કારણ છે કે હાલમાં મોટી ક્વોન્ટીટીમાં જથ્થો પકડાઇ રહ્યો નથી. રાજકોટ શહેર અને આસપાસનાં વિસ્તારોમાં ગાંજાનાં વાવેતરો ઉપર પણ મોટાપાયે દરોડા પાડવામાં આવ્યા છે.હાલમાં યુવાનોમાં એમ.ડી. ડ્રગ્સનું ચલણ વધી ગયું છે. સિંન્થેટીક ડ્રગ્સની વ્યાખ્યામાં આવતું એમ.ડી. ડ્રગ્સ ૬ થી ૭ કેમિકલના મિશ્રણથી બનાવવામાં આવે છે. આ ડ્રગ્સ આમ પણ ખુબ જ હાનીકારક છે. પરંતુ તેમાં જો કેમિકલની માત્રામાં ગરબડ થાય તો મગજ અને બીજા અવયવોને ગંભીર ક્ષતિ પહોંચાડે છે. કૂકર કે બોઇલરમાં આ ડ્રગ્સ ૨ દિવસનાં અંતે તૈયાર થાય છે. મોટાભાગના પેડલરો હાલ જેલહવાલે છે. ખાસ કરીને ડ્રગ્સ માટે અવારનવાર ચર્ચામાં આવતા જંગલેશ્વર વિસ્તારમાં ડ્રગ્સનાં વેપલા સાથે સીધી કે આડકતરી રીતે સંડોવાયેલા શખ્સો ગુજસીટોક અને બીજા ગુનાઓમાં જેલહવાલે થઇ ગયા છે.

### ગાંધીનગરના રામકથા મેદાન ખાતે 'અભ્યુદય મહાસંમેલન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું

# ગાંધીનગર શહેરમાં ઠાકોર સમાજનું અભ્યુદય મહાસંમેલન : અડધી રાત્રે ઉમટ્યું માનવ મહેરામણ, શિક્ષણ અને વ્યસનમુક્તિનો હુંકાર

## ઠાકોર સેનાના આહવાન પર સમાજના હજારો લોકો અડધી રાત્રે ૩ વાગ્યાથી જ મેદાનમાં એકત્રિત થવા લાગ્યા

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૭ ।

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજના ઉત્થાન અને યુવાશક્તિને જાગૃત કરવાના ઉમદા હેતુ સાથે ગાંધીનગરના રામકથા મેદાન ખાતે 'અભ્યુદય મહાસંમેલન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનની સૌથી ખાસ વાત એ રહી કે, ઠાકોર સેનાના આહવાન પર સમાજના હજારો લોકો અડધી રાત્રે ૩ વાગ્યાથી જ મેદાનમાં એકત્રિત થવા લાગ્યા હતા.આ મહાસંમેલનમાં પક્ષ-વિપક્ષના ભેદ ભૂલીને સમાજના રાજકીય માંધાતાઓ એક મંચ પર જોવા મળ્યા હતા. અલ્પેશ ઠાકોર, ગેનીબેન ઠાકોર, કેબિનેટ મંત્રી રમણસિંહ સોલંકી, ધવલસિંહ ઝાલા, બળદેવજી ઠાકોર અને શોભનાબેન બારૈયા સહિતના આગેવાનોએ હાજરી આપી હતી. તમામ નેતાઓએ એકસૂરે સ્વીકાર્યું હતું કે સમાજની પ્રગતિનો એકમાત્ર માર્ગ શિક્ષણ અને વ્યસનમુક્તિ છે.ઠાકોર સમાજના સંમેલનમાં સંબોધન કરતાં અલ્પેશ ઠાકોરે કહ્યું કે, 'આ સંમેલન રાત્રે ૩ વાગ્યે બોલાવવા પાછળ અનેક શંકાઓ હતી, પરંતુ ઠાકોર સમાજની આ એકતા ૧૫ વર્ષના સંઘર્ષનું પરિણામ છે. આજે સરકારના મંત્રીઓથી લઈને ધારાસભ્યો એક મંચ પર છે તે સમાજની વધતી તાકાત દર્શાવે છે.'સાંસદ ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે, 'આપણો સમાજ હવે પટાવાળા કે સિક્યુરિટી ગાર્ડની નોકરીમાંથી બહાર આવી આઈએએસ-આઈપીએસ બને તે જરૂરી છે. દીકરીઓના લગ્ન ૧૨મા ધોરણ પછી જ કરાવવાનો સંકલ્પ લેવો જોઈએ. દરેક તાલુકામાં



દીકરીઓ માટે હોસ્ટેલ બનાવવી એ સમયની માંગ છે.'આ સંમેલનમાં બળદેવજી ઠાકોરે જણાવ્યું હતું કે, 'દેશની આઝાદી અને જે.પી. આંદોલન પછી આ ત્રીજી એવી ઘટના છે જ્યાં જનમેદની અડધી રાત્રે જાગૃત થઈને એકઠી થઈ છે. આમાંથી આપણે કંઈક શીખવાનું છે અને જાગૃત બનવાનું છે. આ પરિવર્તનના સંકેત છે.'કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદનાથી થઈ હતી. લોકગાયક કીર્તિદાન ગઢવી અને રાકેશ બારોટના ગીતો પર યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સંમેલનના અંતે અડાલજ ખાતે નિર્માણ પામનાર 'શ્રી સરસ્વતી ધામ' પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી હતી અને તેનું વિધિવત ભૂમિપૂજન કરાયું હતું. આ ધામ આગામી સમયમાં સમાજના બાળકો માટે શિક્ષણનું કેન્દ્ર બનશે.વર્ષ ૨૦૧૬માં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા શરૂ કરાયેલ સામાજિક સુધારણાના અભિયાનને આજે ૧૦ વર્ષ પૂર્ણ થયા છે. આ દાયકા દરમિયાન વ્યસનમુક્તિ અને જાગૃતિ ક્ષેત્રે થયેલા સુધારાને આ સંમેલન દ્વારા બિરદાવવામાં આવ્યા હતા.ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજના ઉત્થાન અને યુવાશક્તિને જાગૃત કરવાના ઉમદા હેતુ સાથે ગાંધીનગરના રામકથા મેદાન ખાતે 'અભ્યુદય મહાસંમેલન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનની સૌથી ખાસ વાત એ રહી કે, ઠાકોર સેનાના આહવાન પર સમાજના હજારો લોકો અડધી રાત્રે ૩ વાગ્યાથી જ મેદાનમાં એકત્રિત થવા લાગ્યા હતા.

## નડિયાદ તાલુકાના ઉત્તરસંડામાં શાહી કુટીર સોસાયટીમાં ૭ મકાનોમાં ચોરીનો પ્રયાસ

। પ્રતિનિધિ, નડિયાદ, તા.૨૭ ।

નડિયાદ તાલુકાના ઉત્તરસંડા ગામમાં આવેલી શાહી કુટીર સોસાયટીમાં તસ્કરોએ સાત જેટલા મકાનોના તાળાં તોડયાના બનાવો બનતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ બનાવ અંગે વડતાલ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.


ઓછું સાંભળવું ક્યાંક તમને તમારા પરિવારથી દૂર ન કરી દે. બહેરાશને અવગણશો નહિં....



નવા અદ્યતન ડીજીટલ હીયરીંગ એઈડ યોગ્ય સલાહ લઈ હીયરીંગ એઈડ (કાનનું મશીન) અપનાવો.

- ઓડીયોલોજીસ્ટ દ્વારા હીયરીંગ ટેસ્ટીંગ અને હીયરીંગ એઈડ પ્રીસ્ક્રીપ્સન
- ડીજીટલ હીયરીંગ મશીન્સ
- સરકારી કર્મચારી પેન્સનરોને રૂા.50,000/- સુધીના કાનના મશીનનું રીએમ્બેસમેન્ટ થઈ શકે છે.
- હીયરીંગ એઈડ ફક્ત રૂા.10,000/- થી શરૂ
- રીચાર્જેબલ હીયરીંગ એઈડ રૂા.24,000/- થી શરૂ



એપોઈન્ટમેન્ટ લઈને આવવું જરૂરી. સંપર્ક : 079-26765186, 9327901950

સહારા સ્પીચ એન્ડ હીયરીંગ ક્લિનીક

૩૦૧, કડકિયા હાઉસ, અંકુર ચાર રસ્તા, અંકુર બસ સ્ટોપ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩.

શોપ નં.૩-૪, જ્યોતિ પ્લાઝા, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૧૫

દુકાન નં. ૧૦, પહેલો માળ, શ્રી ઉમિયા માતા કોમ્પ્લેક્ષ, ઊંઝા બસ ડેપો અંદર, ઊંઝા. M.: +91 7486035104, 9265615021


**બેન્કિંગ માટે ફરી એકવાર આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું** | **યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયનના નેજા હેઠળ આયોજિત આ હડતાળને કારણે બેન્કિંગ સેવાઓ ખોરવાઈ**

# અમદાવાદમાં બેન્ક કર્મચારીઓનો દેખાવો । ૫ દિવસના બેન્કિંગની માગ સાથે બેન્કર્સ મેદાને

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

દેશભરના બેન્ક કર્મચારીઓએ પોતાની વર્ષો જૂની અને પડતર માંગણી ફાઈવ ડેઝ બેન્કિંગ માટે ફરી એકવાર આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું છે. યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયનના નેજા હેઠળ આયોજિત આ હડતાળને કારણે બેન્કિંગ સેવાઓ ખોરવાઈ છે. લાંબા સમયથી ચાલી રહેલી આ માંગણી પ્રત્યે સરકારના ઉદાસીન વલણ સામે રોષ પ્રગટ કરવા માટે કર્મચારીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે, જેને પગલે નાણાકીય વ્યવહારો પર મોટી અસર જોવા મળી રહી છે.આ




આંદોલનના ભાગરૂપે અમદાવાદમાં બેન્ક કર્મચારીઓ દ્વારા એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલી અમદાવાદના ઈન્દુલાલ યાજ્ઞિક પાર્કથી શરૂ થઈ વલ્લભ સદન સુધી યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને યુવા કર્મચારીઓ પ્લે-કાર્ડ્સ અને બેનરો સાથે જોડાયા હતા. સૂત્રોચ્ચાર અને નારાબાજી સાથે કર્મચારીઓએ મક્કમ રીતે પોતાની માંગણીઓ સરકાર સમક્ષ રજૂ કરી હતી.

આંદોલનમાં બેન્કકર્મીએ માગ કરી છે કે, કર્મચારીઓનો આક્ષેપ છે કે વર્ષ ૨૦૧૫થી સરકાર દ્વારા '૫ દિવસના બેંકિંગ' માટે સૈદ્ધાંતિક સંમતિ આપવામાં આવી હોવા છતાં, આજદિન સુધી તેનો અમલ કરવામાં આવ્યો નથી. કર્મચારીઓએ તર્ક આપ્યો હતો કે જો આરબીઆઈ અને એલઆઈસી જેવી સંસ્થાઓમાં ૫ દિવસનું કાર્યકારી અઠવાડિયું અમલી હોય, તો કોમર્શિયલ બેન્કોમાં આ ભેદભાવ કેમ? સતત વધતા કામના ભારણ વચ્ચે કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્ય અને પારિવારિક સમય માટે ૫ દિવસની કાર્યપ્રણાલી અનિવાર્ય છે. જો ભારત વિકસિત અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું હોય, તો બેન્કિંગ સુવિધાઓ અને કાર્યપદ્ધતિ પણ વૈશ્વિક માપદંડો મુજબ હોવી જોઈએ.

યુનિયનોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો સરકાર વહેલી તકે આ બાબતે કોઈ નક્કર નિર્ણય નહીં લે, તો આગામી દિવસોમાં આ લડત વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

## કોર્પોરેશનના બાળમેળામાં ૧૫થી વધુ લોકોના મોબાઈલ અને પર્સ ચોરાયા

I પ્રતિનિધિ, વડોદરા, તા.૨૭ I

વડોદરાના કમાટીબાગમાં યોજાયેલા બાળમેળામાં ચોર ટોળકીએ અનેક લોકોને શિકાર બનાવ્યા હોવાના બનાવો બન્યા છે. પોલીસે એક મહિલાની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે.વડોદરા કોર્પોરેશન સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ૨૬ જાન્યુઆરીને અનુલક્ષીને બાળમેળો યોજવાની પરંપરા છે. કમાટીબાગ ખાતે યોજાયેલા બાળમેળામાં ગઈકાલે ધાર્યા કરતા વધુ ભીડ થઈ જતા અંધાધુંધી સર્જાઇ હતી. ભીડનો લાભ લઈ ચોર ટોળકી પણ સક્રિય થઈ હતી અને ૧૫ થી વધુ જેટલા લોકોના મોબાઈલ તેમજ પર્સની ચોરી કરી હોવાની માહિતી મળી છે. આ પૈકી કેટલીક મહિલાઓ સયાજીગંજ પોલીસ સ્ટેશન પહોંચી હતી અને ફરિયાદ કરી હતી.

## વડોદરામાં ધુમ્મસ સાથે પ્રદુષણ: વહેલી સવારનું એક્યુઆર ૨૮૮ પહોંચ્યો

I પ્રતિનિધિ, વડોદરા, તા.૨૭ I

વડોદરામાં છેલ્લા ત્રણ ચાર દિવસથી વધી રહેલી ઠંડી સાથે વાતાવરણમાં વ્યાપેલું પ્રદુષણ જાણે અચાનક નીચેના ભાગે આવી ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી.વહેલી સવારથી વડોદરમાં ધુમ્મસભર્યુ વાતાવરણ હતું. જ્યાં રસ્તા પર વાહનોને હેડલાઈટ ચાલુ રાખીને વાહન હંકારવાની ફરજ પડી હતી. સૂર્યોદય બાદ પણ જાણે અંધકાર વ્યાપ્યો હોય તેમ ધૂંધળું વાતાવરણ છવાયું હતું. વાતાવરણમાં ભેજની સાથે સાથે પ્રદુષણ પણ વધતા આજે વડોદરા શહેરનું મહત્તમ એક્યુઆર સવારે ૭થી ૮ વાગ્યાના વચ્ચે ૨૮૮ નોંધાયું હતું. જ્યારે શહેરમાં છેલ્લા ૨૪ કલાકના એક્યુઆરના સરેરાશ આંકડા પ્રમાણે ૨૭૨ નોંધાયું છે. હેઝાર્ડસ હવામાનની શરૂઆત ૩૦૦ એક્યુઆરથી થાય છે. ત્યારે વડોદરા શહેર ૩૦૦ એક્યુઆરથી માત્ર ૧૨ પોઈન્ટ નીચે હોવાને કારણે વાતાવરણમાં પ્રદુષણએ નવું સ્તર હાસિલ કર્યુ છે. એક્યુઆર વેબસાઈટના ડેટા પ્રમાણે વિશ્વના સૌથી વધુ પ્રદુષિત શહેરોમાં વડોદરાનો ક્રમાંક ૨૬મો છે.

### ગુજરાત કોંગ્રેસમાં આંતરિક વિખવાદ હવે જાહેરમાં

# એસી મોરચાના પ્રમુખ મુદ્દે કોંગ્રેસમાં ડખો : મેવાણી અને કિરીટ પટેલ સામ-સામે

### પાટણ એસસી સેલના પ્રમુખની નિમણૂકને લઈને ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી અને ધારાસભ્ય કિરીટ પટેલ વચ્ચે જામી

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ I

ગુજરાત કોંગ્રેસમાં આંતરિક વિખવાદ હવે જાહેરમાં દેખાઈ રહ્યો છે. પાટણ એસસી સેલના પ્રમુખની નિમણૂકને લઈને ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી અને ધારાસભ્ય કિરીટ પટેલ વચ્ચે જામી છે. વીર મેઘમાયા સાતમની રેલીમાં મેવાણીએ આપેલા આક્રમક નિવેદન બાદ હવે પાટીદાર નેતાઓએ પણ મેદાને ઉતરીને વળતો પ્રહાર કર્યો છે, જેના કારણે રાજકારણ ગરમાયું છે.પાટણમાં આયોજિત એક જાહેર મંચ પરથી જિજ્ઞેશ મેવાણીએ કોઈનું નામ લીધા વગર કિરીટ પટેલ પર નિશાન સાધતાં કહ્યું કે, 'કોઈના મનમાં જો એવો ફાંકો હોય કે હિતેન્દ્ર પીઠડિયાને પાટણની ધરતી પરથી મારીશું, તો એ ફાંકા કાઢી નાખે. તારા જેવા ફૂદાનો ચણો ય નહીં આવે.' મેવાણીના આ 'નિવેદને બળતામાં ઘી હોમવાનું કામ કર્યુ છે.મેવાણીના પ્રહાર સામે ધારાસભ્ય કિરીટ પટેલે સંયમ જાળવતા પ્રતિક્રિયા આપી કે, 'સામાજિક સમરસતા જળવાઈ રહે તે ખૂબ જરૂરી છે. કોઈ પણ ધારાસભ્યએ વર્ગવિગ્રહ ઊભો ન થાય તેની કાળજી રાખીને નિવેદનબાજી કરવી જોઈએ.' નોંધનીય છે કે, એસસી મોરચાના પ્રમુખની નિમણૂક મુદ્દે કિરીટ પટેલ લાંબા સમયથી નારાજ ચાલી રહ્યા છે.કિરીટ પટેલ વિરુદ્ધના નિવેદનને લઈને પાટીદાર સમાજના



નેતાઓએ મેવાણીને આડે હાથ લીધા છે. પાટીદાર નેતા વરુણ પટેલે કહ્યું કે, 'પાર્ટી ગમે તે હોય, કિરીટ પટેલ સામાજિક સાથી છે. જો અમે 'ફૂદા' ઉડાડીશું તો તે શાંતિ માટે જોખમી સાબિત થશે.' દિનેશ બાંભણિયાએ કહ્યું કે, 'મેવાણીએ અહમમાં મર્યાદા ન ભૂલવી જોઈએ. માત્ર અસ્તિત્વ ટકાવવા લડાઈ કરતો નેતા ક્યારેય સફળ થતો નથી.'કોંગ્રેસ પક્ષ દ્વારા પાટણ જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ તરીકે જે વ્યક્તિની નિમણૂક કરવામાં આવી છે, તેની સામે કિરીટ પટેલના સમર્થકોને વાંધો છે. બીજી તરફ જિજ્ઞેશ મેવાણી આ નિમણૂકના પક્ષમાં છે. પક્ષના આંતરિક મુદ્દાએ હવે 'દલિત વિરુદ્ધ પાટીદાર' જેવો સામાજિક વળાંક લીધો છે, જે આગામી સમયમાં કોંગ્રેસ માટે મોટું નુકસાન સાબિત થઈ શકે છે.ગુજરાત કોંગ્રેસમાં આંતરિક વિખવાદ હવે જાહેરમાં દેખાઈ રહ્યો છે. પાટણ એસસી સેલના પ્રમુખની નિમણૂકને લઈને ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી અને ધારાસભ્ય કિરીટ પટેલ વચ્ચે જામી છે.

## સુરેન્દ્રનગરમાં ટ્રકના ચોર ખાનામાંથી એક કરોડનો દારૂ જપ્ત

I પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૭ I

રાજ્યમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે સુરેન્દ્રનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)એ એક મોટી સફળતા મેળવી છે. અમદાવાદ-કચ્છ હાઈવે પર ધ્રાંગધ્રા તાલુકાના ચુલી ગામ નજીક એક હોટલના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી ટ્રકમાંથી પોલીસે અંદાજે ૧.૦૭ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો વિદેશી દારૂ અને ટ્રક સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.મળતી માહિતી અનુસાર, એલસીબી પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ચુલી ગામ પાસે આવેલી હોટલ પર દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાં શંકાસ્પદ હાલતમાં ઉભેલી ટ્રકની તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. તસ્કરોએ પોલીસથી બચવા માટે ટ્રકમાં ચોરખાનું બનાવ્યું હતું. આ ગુપ્ત ખાનામાંથી પોલીસે ઈંગ્લીશ દારૂની કુલ ૨૫,૪૪૦ બોટલો કબજે કરી. જપ્ત કરાયેલા દારૂની કિંમત આશરે ૮૭.૫૬ લાખ રૂપિયા થાય છે. ટ્રક અને અન્ય સામાન મળી કુલ ૧.૦૭ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.જ્યારે પણ જિલ્લાની એલસીબી (એલસીબી) ટીમ સ્થાનિક પોલીસ સ્ટેશનની હદમાં આટલો મોટો દારૂનો જથ્થો ઝડપી પાડે છે, ત્યારે સ્થાનિક પોલીસની કાર્યક્ષમતા સામે સવાલો ઊઠતા હોય છે. ધ્રાંગધ્રા તાલુકા પોલીસની હદમાં હાઈવે પર આટલી મોટી હેરાફેરી થઈ રહી હતી અને સ્થાનિક પોલીસ અજાણ હતી.

## સાયલા-ચોટીલા હાઈવે પર જાનૈયાઓની બસ ટ્રકની પાછળ ઘૂસી, ૨૪ લોકો ઈજાગ્રસ્ત

I પ્રતિનિધિ, સાયલા, તા.૨૭ I

સાયલા-ચોટીલા હાઈવે પર (૨૬મી જાન્યુઆરી) વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. સુરતથી જામકંડોરણા જઈ રહેલા જાનૈયાઓ ભરેલી લકઝરી બસ સાયલાના ગોસળ બોર્ડ નજીક ઉભેલી ટ્રકની પાછળ ધડાકાભેર અથડાતા ૨૪ જેટલા જાનૈયાઓ ઈજાગ્રસ્ત થયા હતા. લગ્ન પ્રસંગના હરખ વચ્ચે સર્જાયેલા આ અકસ્માતને પગલે ચીસાચીસ મચી ગઈ હતી.મળતી માહિતી અનુસાર, સુરતથી જાનૈયાઓને લઈને એક લકઝરી બસ જામકંડોરણાના વિમલનગર ખાતે જઈ રહી હતી. બસ જ્યારે સાયલાના ગોસળ બોર્ડ નજીક પહોંચી ત્યારે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ આગળ જઈ રહેલી અથવા ઉભેલી ટ્રકની પાછળના ભાગે ધડાકાભેર ઘૂસી ગઈ હતી. બસનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતની જાણ થતા જ આસપાસના વિસ્તારમાંથી પાંચ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. એમ્બ્યુલન્સ દ્વારા તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સાયલા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.ઘટનાની જાણ થતા જ સાયલા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે હાઈવે પર જામ થયેલા ટ્રાફિકને હળવો કરી વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવામાં મદદરૂપ બન્યા હતા.

## અમદાવાદના ઓઢવમાં કરોડોના સોના-ચાંદી નહીં પણ ૧૫૦૦ કિલો 'ભંગાર'ની ચોરી

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ I

અમદાવાદના ઓઢવ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં તસ્કરોએ હવે ભંગાર પર હાથ સાફ કરવાનું શરૂ કર્યુ છે. ઓઢવ પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરી ત્રણ એવા આરોપીઓની ધરપકડ કરી છે, જેમણે ઉત્તરાયણના તહેવાર બાદ મોડી રાત્રે એક ફેક્ટરીનું શટર તોડીને મોટાપાયે ભંગારની ચોરી કરી હતી. અમદાવાદના ઓઢવ વિસ્તારમાં સોના-ચાંદાની દાગીના નહીં પણ ભંગારની ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર મામલે પોલીસે ત્રણ આરોપીને ઝડપી પાડ્યા છે. પોલીસની પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી છે કે તેઓ રાત્રિના અંધકારનો લાભ લઈ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારને નિશાન બનાવતા હતા. ચોરીમાં વપરાયેલી આઈસર ગાડી પણ જપ્ત કરવામાં આવી છે. પોલીસ માહિતી આપતા જણાવ્યું હતું કે, ઓઢવ પોલીસે આરોપીઓ પાસેથી અલગ-અલગ ધાતુનો કુલ ૧૫૨૫ કિલોગ્રામ ભંગાર કબજે કર્યો છે, જેની બજાર કિંમત અંદાજે રૂપિયા ૧.૧૭ લાખ જેટલી થાય છે. આ ઉપરાંત, ચોરીના માલની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ આઈસર ગાડી સહિત પોલીસે કુલ રૂપિયા ૧૩,૧૭,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલમાં પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તેમની અન્ય કોઈ ગુનામાં સંડોવણી છે કે નહીં તે દિશામાં તપાસ હાથ ધરી છે.અમદાવાદના ઓઢવ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં તસ્કરોએ હવે ભંગાર પર હાથ સાફ કરવાનું શરૂ કર્યુ છે. ઓઢવ પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરી ત્રણ એવા આરોપીઓની ધરપકડ કરી છે, જેમણે ઉત્તરાયણના તહેવાર બાદ મોડી રાત્રે એક ફેક્ટરીનું શટર તોડીને મોટાપાયે ભંગારની ચોરી કરી હતી.

### પાંચ દિવસના સપ્તાહની માંગ શરૂ કરી છે છેલ્લા કેટલાય દિવસથી આ બાબતે રજૂઆતો પણ કરવામાં આવી

# વડોદરા : દેશ વ્યાપી હડતાલમાં શહેરની બેન્કોના કર્મીઓ જોડાયા : કરોડોનું ક્લિયરન્સ અટક્યું

I પ્રતિનિધિ, વડોદરા, તા.૨૭ I

દેખાવો પાંચ દિવસના સપ્તાહની માંગ સાથે દેશભરના બેંક કર્મીઓ તા. ૨૭, સોમવારે એક દિવસની પ્રતિક હડતાલ પર ઉતર્યા છે ત્યારે આજે તમામ બેંકોના કર્મીઓએ સલાટવાડા, આરાધના સિનેમા સામે આવેલ બેંક ઓફ બરોડા ખાતે ધરણાં પ્રદર્શન યોજી ભારે સૂત્રોચ્ચાર કરીને વાતાવરણ ગજાવ્યું હતું. બેંકની હડતાલના કારણે કરોડો રૂપિયાના ચેકોનું ક્લિયરન્સ પણ અટકી ગયું હતું.ઉલ્લેખનીય છે કે બેંક કર્મીઓએ પાંચ દિવસના સપ્તાહની માંગ શરૂ કરી છે છેલ્લા કેટલાય દિવસથી આ બાબતે રજૂઆતો પણ કરવામાં આવી હતી. માંગણી નહીં સંતોષાતા ગત તા. ૨૫, જાન્યુઆરીએ છેલ્લો શનિવાર હતો જ્યારે બીજા દિવસે તા. ૨૬મીએ પ્રજાસત્તાક દિનની



જાહેર રજા હતી. જેથી બેંક યુનિયનો દ્વારા આ બંને દિવસની રજા બાદ આજે તા. ૨૭ જાન્યુઆરીએ દેશભરમાં બેંક કર્મીઓની એક દિવસની પ્રતિક હડતાલની જાહેરાત કરી હતી. આમ સતત ત્રણ દિવસ સુધી બેંક બંધ રહેવાના કારણે આર્થિક વ્યવહારોને ભારે અસર થઈ હતી. સતત ત્રણ દિવસ બેંકો બંધ રહેવાના પાંચ દિવસના સપ્તાહની માંગ સાથે દેશભરના બેંક કર્મીઓ આજે તા. ૨૭, સોમવારે એક દિવસની પ્રતિક હડતાલ પર ઉતર્યા છે ત્યારે આજે તમામ બેંકોના કર્મીઓએ સલાટવાડા, આરાધના સિનેમા સામે આવેલ બેંક ઓફ બરોડા ખાતે ધરણાં પ્રદર્શન યોજી ભારે સૂત્રોચ્ચાર કરીને વાતાવરણ ગજાવ્યું હતું. બેંકની હડતાલના કારણે કરોડો રૂપિયાના ચેકોનું ક્લિયરન્સ પણ અટકી ગયું હતું.દરમિયાન આજે દેશ વ્યાપી બેંક હડતાલ હોવાના કારણે શહેરની તમામ બેંકોના કર્મચારીઓ પણ આજની પ્રતીક હડતાલમાં જોડાયા હતા. પરિણામે સવારે ૧૦:૩૦ વાગ્યાના સુમારે બેંક કર્મીઓ સલાટવાડા ખાતે આવેલી જુના આરાધના સિનેમા સામે આવેલ બેંક ઓફ બરોડા ખાતે એકત્ર થઈને ધરણામાં જોડાઈને પ્લે કાર્ડ સાથે રાખીને ભારે સુત્રોચ્ચાર કર્યા હતા.દેખાવો પાંચ દિવસના સપ્તાહની માંગ સાથે દેશભરના બેંક કર્મીઓ તા. ૨૭, સોમવારે એક દિવસની પ્રતિક હડતાલ પર ઉતર્યા છે ત્યારે આજે તમામ બેંકોના કર્મીઓએ સલાટવાડા, આરાધના સિનેમા સામે આવેલ બેંક ઓફ બરોડા ખાતે ધરણાં પ્રદર્શન યોજી ભારે સૂત્રોચ્ચાર કરીને વાતાવરણ ગજાવ્યું હતું.



મહાકાલ ગેંગ' વિરુદ્ધ ગુજરાત કંટ્રોલ ઓફ ટેરોરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (ગુજસીટોક) હેઠળ કડક કાર્યવાહી હાથ ધરી

# દેવભૂમિ દ્વારકામાં 'મહાકાલ ગેંગ' વિરુદ્ધ 'ગુજસીટોક' હેઠળ કડક કાર્યવાહી । સાત આરોપીઓની ધરપકડ

**નાણાંની ઉઘરાણી માટે ધમકીઓ આપવી અને પ્રોહિબિશન જેવી અસામાજિક પ્રવૃત્તિઓ ચલાવીને મીઠાપુર વિસ્તારમાં ભયનો માહોલ ઊભો કરવાનો આરોપ**

। પ્રતિનિધિ, દ્વારકા, તા.૨૭ ।

દેવભૂમિ દ્વારકા પોલીસે ઓખા મંડળ અને મીઠાપુર વિસ્તારમાં સક્રિય થયેલી 'મહાકાલ ગેંગ' વિરુદ્ધ ગુજરાત કંટ્રોલ ઓફ ટેરોરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઈમ એક્ટ (ગુજસીટોક) હેઠળ કડક કાર્યવાહી હાથ ધરી છે. ગેંગના મુખ્ય સૂત્રધારો સહિત કુલ સાત આરોપીઓની ધરપકડ કરીને તેમને ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ પર લેવામાં આવ્યા છે.

આ ગેંગ પર અપહરણ, ખંડણી વસૂલવી, ઊંચા વ્યાજે આપેલા નાણાંની ઉઘરાણી માટે ધમકીઓ આપવી અને પ્રોહિબિશન જેવી અસામાજિક પ્રવૃત્તિઓ ચલાવીને મીઠાપુર વિસ્તારમાં ભયનો માહોલ ઊભો કરવાનો આરોપ છે. તાજેતરમાં, ગેંગના સભ્યોએ એક અનુસૂચિત જાતિની મહિલા અને તેના પરિવારજનોને જાતિવાચક શબ્દો કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની બે અલગ-અલગ ગંભીર ઘટનાઓ પણ નોંધાઈ છે.





પ્રાથમિક તપાસમાં આ ટોળકી એક સંગઠિત ગુનાહિત સિન્ડિકેટ ચલાવી રહી હોવાનું અને સતત ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા વિસ્તારમાં પોતાનું વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કરી રહી હોવાનું જણાયું હતું. લોકો આ ગેંગના ડરને કારણે ફરિયાદ કરવાથી ડરતા હતા. આ સંગઠિત ગુનાખોરીને અંકુશમાં લેવા માટે, દેવભૂમિ દ્વારકા પોલીસે આખરે તા. ૦૭/૧૦/૨૦૨૫ના રોજ ગુજસીટોક એક્ટની વિવિધ કલમો હેઠળ આ ગેંગના સભ્યો વિરુદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી શરૂ કરી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગુજસીટોક હેઠળ કાર્યવાહી થનાર આ ત્રીજી ગેંગ છે. આ કેસની વધુ તપાસ ડીવાયએસપી દ્વારકા વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

આરોપીઓના નામ કિશનભા ભાવુભા માણેક(જોધાણી).મેહુલભાઈ ઉર્ફે ભુરો કમલેશભાઈ પરમાર.કરણભા જેઠાભા કારા.ઉમેશભા અજુભા માણેક.કનૈયાભાઈ ઉર્ફે કાનો સામરાભાઈ હાથીયા.એભાભા વીરાભા સુમણીયા.દિપુભા વીરાભા સુમણીયા દેવભૂમિ દ્વારકા પોલીસે ઓખા મંડળ અને મીઠાપુર વિસ્તારમાં સક્રિય થયેલી 'મહાકાલ ગેંગ' વિરુદ્ધ ગુજરાત કંટ્રોલ ઓફ ટેરોરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (ગુજસીટોક) હેઠળ કડક કાર્યવાહી હાથ ધરી છે.

ગેંગના મુખ્ય સૂત્રધારો સહિત કુલ સાત આરોપીઓની ધરપકડ કરીને તેમને ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ પર લેવામાં આવ્યા છે.

આ ગેંગ પર અપહરણ, ખંડણી વસૂલવી, ઊંચા વ્યાજે આપેલા નાણાંની ઉઘરાણી માટે ધમકીઓ આપવી અને પ્રોહિબિશન જેવી અસામાજિક પ્રવૃત્તિઓ ચલાવીને મીઠાપુર વિસ્તારમાં ભયનો માહોલ ઊભો કરવાનો આરોપ છે.

તાજેતરમાં, ગેંગના સભ્યોએ એક અનુસૂચિત જાતિની મહિલા અને તેના પ રિવારજનોને જાતિવાચક શબ્દો કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની બે અલગ-અલગ ગંભીર ઘટનાઓ પણ નોંધાઈ છે.

નેશનલ હાઈવે પર અકસ્માતોનો સિલસિલો યથાવત્

## સુરેન્દ્રનગર : સાયલા-ચોટીલા હાઈવે પર ખાનગી બસ પલટી । ૧૫થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૭ ।

અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર અકસ્માતોનો સિલસિલો યથાવત્ રહ્યો છે. સાયલાના હડાળા બોર્ડ નજીક એક ખાનગી લક્ઝરી બસ પલટી ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૧૫થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે, જે પૈકી ત્રણની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. હાલ સ્થાનિક પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, અમદાવાદથી રાજકોટ તરફ જઈ રહેલી ખાનગી બસ હડાળા બોર્ડ નજીક ચાલકે કાબૂ ગુમાવતા અચાનક પલટી ગઈ હતી. અકસ્માતને પગલે મુસાફરોમાં ચીસાચીસ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ સાયલા, ચોટીલા અને ડોળિયા લોકેશનની ત્રણ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને બસમાંથી બહાર કાઢી સારવાર અર્થે ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.તમામ ૧૫થી વધુ ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે ચોટીલાની સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જોકે, ઈજાઓની ગંભીરતા જોતા ૦૯ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા છે.ચિંતાજનક બાબત એ છે કે, સાયલા પંથકમાં છેલ્લા બે દિવસમાં આ બીજી મોટી અકસ્માતની ઘટના છે. જેમાં જુદી જુદી બે લક્ઝરી બસોને નડેલા અકસ્માતમાં અત્યાર સુધીમાં કુલ ૩૯ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

## વડોદરા : હરણી રોડ મેરેજ હોલમાંથી વરરાજાના માતાના પર્સની ચોરી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૭ ।

ગોરવાની જય નારાયણ સોસાયટીમાં રહેતા સુમિત્રાબેન અશોકભાઈ રાજકોટ નાના નાના દીકરા ચિરાગ નું લગ્ન વાઘોડિયા રોડ ઉકાજીના વાડીયામાં રહેતી સિમરન કલ્પેશભાઈ રાજપુત સાથે ગત ૨૫મી તારીખે નક્કી થયું હતું. ૨૫મી તારીખે સાંજે સાડા સાત વાગે જાનૈયાઓ સંગમ ચાર રસ્તા પાસે આવે સ્વામી સર્વાનંદ હોલ ખાતે આવ્યા હતા. જાનૈયાઓ તૈયાર થઈને રાત્રે ૧૦:૩૦ વાગે લગ્નના સ્થળે હરણી રોડ નાગેશ્વર મહાદેવ મંદિર પહોંચ્યા હતા. એક કલાક બાદ જાનૈયાઓ જમવા બેઠા હતા. સુમિત્રાબેન તેમના પગ પાસે બેગ રાખી હતી, જે બેગમાં સોના ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપિયા હતા. તે બેગ સુમીત્રાબેનની નજર ચૂકવીને ચોર લઈ ગયો હતો. જેમાં સોનાના અંદાજે પાંચ તોલા દાગીના, રોકડા ૪૦,૦૦૦ તેમજ સુમિત્રાબેનના એન.આર.આઈ પુત્ર વિરેન્દ્રના યુકેના ડ્રાઈવિંગ લાઈસન્સ અલગ અલગ બેન્કના ક્રેડિટ-ડેબિટ કાર્ડ હતા. એન. આર.આઈ પુત્ર વિરેન્દ્રના યુકેના ડ્રાઈવિંગ લાઈસન્સ અલગ અલગ બેન્કના ક્રેડિટ-ડેબિટ કાર્ડ હતા.

## યુવતીએ તમાચો માર્યો તો પ્રેમીના મિત્રોએ હત્યા કરી નાંખી, ગણતરીના કલાકોમાં ઝડપાયા

। પ્રતિનિધિ, સુરત, તા.૨૭ ।

જિલ્લાના ઓલપાડ તાલુકાના પરીઆ ગામના ગૌચર વિસ્તારમાં ચોથી ઓક્ટોબરના રોજ એક અજાણી મહિલાની ઘાતકી હત્યા કરાયેલી લાશ મળી હતી. આ ગંભીર ગુનાને સુરત જિલ્લા પોલીસે ઉકેલી નાંખીને બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. ગત ચોથી ઓક્ટોબરના રોજ સવારે પરીઆ ગામના ગૌચર વિસ્તારમાંથી આશરે ૨૫ વર્ષની એક અજાણી મહિલાની લાશ મળી આવી હતી. અજાણ્યા ઈસમોએ તિક્ષ્ણ હથિયારથી મહિલાના ગળાના ભાગે ઘા મારી ગળું કાપી નાખ્યું હતું. આ સાથે તેના બંને હાથના કાંડા કાપી નાખ્યા હતા અને પેટના તથા થાપાના ભાગે ઘા મારી તેની હત્યા કરી હતી. આ મામલે ઓલપાડ પોલીસ સ્ટેશનમાં ખૂનનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળની આસપાસના સી.સી. ટી.વી. ફૂટેજ અને ગુનાવાળી જગ્યા પ રથી મળી આવેલા બિલિમોરાની મેંગુશી જનરલ હોસ્પિટલના બિલના આધારે તપાસની દિશા નક્કી કરી. આના પ રથી મૃતક મહિલાની ઓળખ સોનલ રાઠોડ (રહે. બારડોલી) તરીકે થઈ હતી.પોલીસ તપાસમાં બહાર આવ્યું કે, સોનલ રાઠોડ છ મહિના પહેલા પ ોતાના પતિને છોડીને શોયેબ ઉર્ફે બોબડો ઈશાક શેખ (રહે. બારડોલી) નામના ઈસમ સાથે રહેતી હતી. આ બંને વચ્ચે પ્રેમ સંબંધ પાંગર્યો હતો. શોયેબ ચોરી કરવાની ટેવવાળો હતો અને જેલમાં હતો જ્યાં તેની ઓળખાણ ચોરી અને ઘરફોડના ગુનામાં સંડોવાયેલા વલ્લભ ઉર્ફે અનવર ભીખાભાઈ વસાવા (રહે. મિસરાડ, કરજણ, વડોદરા) સાથે થઈ હતી. જેલમાંથી છૂટ્યા બાદ શોયેબ અને સોનલ વલ્લભના ઘરે રહેવા ગયા હતા. ત્યારબાદ આ ત્રણેય સાથે રાહુલ ઉર્ફે કાળિયો ફુલચંદ યાદવ (રહે. રખડતો ભટકતો, યુ.પી. વતન) પણ ચોરીના ધંધામાં જોડાયો હતો.સોનલની તબિયત બગડતા તે શોયેબ સાથે સાયણ સી.એચ.સી. હોસ્પિટલ ગઈ હતી.






## તંત્રી લેખ..

# હવામાન પર ધ્યાન જરૂરી

કોરોના કાળમાં પર્યાવરણની સ્થિતીમાં સુધારો થયો છે પરંતુ હજુ વિશ્વના દેશોને અનેક પગલા લેવાની જરૂર દેખાઇ રહી છે. જો વિશ્વના દેશો સાથે નહીં મળે પર્યાવરણની સ્થિતીને હળવી કરવામાં સફળતા મળશે નહીં. હવામાન વિજ્ઞાન સંગઠન દ્વારા જારી કરવામાં આવેલા રિપોર્ટ ધ સ્ટેટ ઓફ ધ ગ્લોબલ ક્લાઈમેટ સમગ્ર વિશ્વ માટે ચેતવણી સમાન છે. આ દર્શાવે છે કે સરકારો દ્વારા પર્યાવરણને લઈને પુરતા પગલા લેવામાં આવ્યા નથી જેથી હવે પેરિસ સમજુતીના લક્ષ્યાંકને હાંસલ કરવામાં મુશ્કેલી થશે. સમયસર લક્ષ્યાંકને હાંસલ કરવાની બાબત તો દુરની છે. આ લક્ષ્યાંક તો મોડેથી પણ પૂર્ણ કરી શકાય તેવી સ્થિતી દેખાતી નથી. સ્થિતી સુધરવાના બદલે દિન પ્રતિદિન બગડી રહી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થઈ રહ્યો નથી. જેથી છેલ્લા ચાર વર્ષના ગાળામાં ધરતીના તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૨માં પૂર્વ ઔદ્યોગિક સમયની તુલનામાં તાપમાન એક ડિગ્રી ઉપર પહોંચી ગયુ હતુ. જ્યારે પેરિસ સમજુતીમાં આ વધારો સદીના અંત સુધી બે ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચે તેવી વાત કરવામાં આવી છે. જાણકાર પર્યાવરણ વૈજ્ઞાનિકો અને નિષ્ણાંતો કહે છે કે જો આવી જ રીતે તાપમાન વધશે તો લક્ષ્યને ક્યારેય હાંસલ કરી શકાશે નહીં. કાર્બન ડાયોક્સાઈડનુ સ્તર ૧૯૯૪માં ૩૫૭ પીપીએમ (પાર્ટસ પર મિલિયન ) હતુ. જે વર્ષ ૨૦૧૭માં વધીને ૪૦૫.૫ પીપીએમ સુધી પહોંચી ગયુ હતુ. ગ્રીન હાઉસ ગેસના વધતા ઉત્સર્જનના કારણે દરિયાઈ સપાટીમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૭ની તુલનામાં તેમાં ૨૦૧૮માં ૩.૭ મિલિમીટરનો વધારો થયો હતો. વર્ષ ૨૦૨૦માં તેમાં વધુ સુધારો થયો હતો. આ ઉપરાંત દરિયાઈ જળમાં અમ્લિયત વધી રહી છે. જેના કારણે મુંગા જીવજન્તુના મોત થઈ રહ્યા છે. પાણીમાં રહેતા જીવ જન્તુની લાઈફ પર ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. ગ્લેશિયરોના કદમાં ઘટાડો થઈ રહ્યો છે. હવામાનની સ્થિતી બદલાઈ રહી છે. ક્યારેય ઉત્તરીય યુરોપમાં પ્રલયકારી વરસાદ થઈ રહ્યો છે. કેટલીક વખત શિકાગો ઉત્તરીય ધ્રુવ કરતા પણ વધારે ઠંડા સ્થળમાં ફેરવાઈ જાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ગયા વર્ષે કેરળમાં અસામાન્ય વરસાદના કારણે પૂરની સ્થિતી સર્જાઈ ગઈ હતી. ગુતેરેસે આ બાબતની ચિંતા પ્રગટ કરી હતી કે જળવાયુ પરિવર્તન તેને ઘટાડી દેવાના કરવામાં આવી રહેલા પ્રયાસો કરતા વધારે ઝડપથી આગળ વધે છે. તેઓએ આ સમસ્યાને ઉકેલવા માટે પગલા લેવા વૈશ્વિક દેશોને અપીલ કરી હતી. સાથે સાથે વિશ્વના ટોપ નેતાઓને નક્કર પગલા લેવા માટે યોજના સાથે આવવા માટે અપીલ કરી છે. જળવાયુ પરિવર્તનની સમસ્યા સમગ્ર દુનિયાની સમસ્યા છે. તેનો સામનો સાથે મળીને કરી શકાય છે.

# કરોડો ટન બરફ કેમ ઓગળી રહી છે

ગ્રીનલેન્ડ અને આર્કટિકમાં કરોડો ટન બરફ કેમ ઓગળી રહી છે ? આ પ્રશ્ન હાલમાં તમામ સંબંધિત નિષ્ણાંતો અને વૈજ્ઞાનિકોને સતાવી રહ્યો છે. આના કારણે ચિંતા પણ પ્રવર્તી રહી છે. ગ્રીનલેન્ડમાં તો એક જ દિવસમાં ૨૦૦ કરોડ ટન બરફ ઓગળી જવાની બાબત ગંભીર ચિંતા ઉપજાવે છે. તાપની સાથે સાથે પવની દિશામાં ફેરફાર પણ આના માટેના કારણ તરીકે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે આર્કટિક વૃત પૃથ્વીના આશરે ૧-૬ ભાગ પર ફેલાયેલ છે. તેમાં પૃથ્વીના ઉત્તરીય ધ્રુવ અને ઉત્તરીય ધ્રુવીય મહાસાગર તેમજ તેમની સાથે જોડાયેલા આઠ આર્કટિક દેશ કેનેડા, ગ્રીનલેન્ડ, રશિયા, અલાસ્કા, ાઈસલેન્ડ, નોર્વે, સ્વીડન અને ફિનલેન્ડના ભૂ ભાગ સામેલ છે. હાલના દિવસોમાં આર્કટિક રીજનના ગ્રીનલેન્ડમાં અભૂતપૂર્વ રીતે એક દિવસમાં ૨૦૦ કરોડ ટનથી વધારે બરફ ઓગળી ગઈ હતી. જે કુલ બરફ પૈકી ૪૦ ટકા હિસ્સા તરીકે છે. ગ્રીનલેન્ડમાં ખુબ વધારે પ્રમાણમાં બરફ છે પરંતુ જુનના મધ્ય ભાગમાં આટલા પ્રમાણમાં બરફ ઓગળી જવાની બાબત અસામાન્ય તરીકે છે. સામાન્ય રીતે ગ્રીનલેન્ડમાં જુનથી ઓગષ્ટના ગાળા દરમિયાન બરફ ઓગળે છે. પરંતુ સૌથી વધારે જુલાઈ મહિનામાં બરફ ઓગળે છે. આ અંદાજ લગાવવા માટે કે કેટલા પ્રમાણમાં બરફ ઓગળતી હશે કોલંબિયા વિવિના કહેવા મુજબ કલ્પના કરો કે વોશિંગ્ટનના નેશનલ મોલ ૩૦૯ એકર વિસ્તારમાં છે. તેને પૂર્ણ રીતે બરફથી ભરી દેવામાં આવે અને તેની ઉંચાઈ વોશિંગ્ટન સ્મારક (૧૬૯ મીટર)થી આઠ ગણી કરી દેવામાં આવે તો તેની ગણતરી આ રીતે થાય છે. જોર્જિયા વિવિમાં ગ્રીનલેન્ડના જળવાયુ અંગે અભ્યાસ કરી રહેલા થોમસ મોટે કહ્યુ છે કે આ અસામાન્ય છે. પરંતુ અભૂતપૂર્વ નથી. આ પહેલા જુન ૨૦૧૨માં પણ આવી જ ઘટના બની હતી. એ વખતે પણ આટલી જ બરફની ચાદર ઓગળી ગઈ હતી. આટલા મોટા પ્રમાણમાં બરફ ઓગળી જવાની બાબત જળવાયુ પરિવર્તનના એલાર્મ તરીકે છે. સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૧૬માં બરફ ઓગળી જવાની ગતિ તીવ્ર રહી હતી. રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૬થી આર્કટિકના આશરે એક કરોડ ૧૧ લાખ વર્ગ કિલોમીટરમાં બરફ ઝડપથી ઓગળી રહી છે. વર્ષ ૨૦૧૬માં ગતિ છેલ્લા ૩૦ વર્ષમાં સૌથી વધારે રહી હતી. જેના કારણે આશરે ૧૨.૭ લાખ વર્ગ કિલોમીટર ક્ષેત્રમાં બરફ ઓગળી ચુકી છે. વર્ષ ૨૦૧૬માં આર્કટિક ક્ષેત્રના કેટલાક હિસ્સામાં છેલ્લા ૩૦ વર્ષમાં સૌથી વધારે બરફ ઓગળી ગઈ. ૭.૩ ડિગ્રી સેલ્સિયસ વધારે તાપમાન નોંધાયુ છે. આ તાપમાન વર્ષ ૧૯૮૦ની તુલનામાં ૭.૩ ડિગ્રી વધારે છે. જે કેટલાક સાફ સંકેતો આપે છે. આ સદીના સૌથી મોટા ફેરફાર તરીકે પણ છે. નિષ્ણાંતો અને વૈજ્ઞાનિકો કહે છે કે બરફ સુર્યની કિરણોને પરાવર્તિત કરી નાંખે છે. જેના કારણે ગરમી ઓછી રહે છે. જે બરફને ઓગળવાથી રોકે છે. આને એલ્બેડોકહેવામાં આવે છે. ઓગળવાની આ ઘટના અહીંની સપાટી પરએલ્બેડોમાં પરિવર્તનના કારણે થાય છે. જેના કારણે સુર્યની કિરણો અવશોષિત થાય છે. સાથે સાથે બરફ ઓગળવાના કારણે બને છે. આ ઘટનાઓને જોતા લાગે છે કે વર્ષ ૨૦૨૩માં સર્વાધિક બરફ ઓગળે તેવી શક્યતા છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

**મંગળ પર અસ્થાયીરૂપે રહેવા માટે અવકાશયાત્રીઓએ પાણી અને બળતણ સહિત કેટલીક આવશ્યકતાઓનું ઉત્પાદન કરવું પડશે**

**વૈજ્ઞાનિકો માને છે કે આ સિસ્ટમ મંગળ અને તેનાથી આગળના અંતરિક્ષ યાત્રામાં વ્યૂહાત્મક પરિવર્તન લાવશે ઘણા સંશોધન માં મંગળ પર જીવન (જીવન પર મંગળ)નો સંકેત આપવામાં આવ્યો છે**

# મંગળ ગ્રહ પરના પાણીમાંથી ઓક્સિજન અને હાઇડ્રોજન બળતણ બનાવી શકાશે !

**આ પદ્ધતિની મુખ્ય સમસ્યા એ છે કે, જોકે માનવી જાણે છે કે તેને કેવી રીતે ચલાવવું, પૃથ્વી પર અમારી પાસે હાઇડ્રોજન સંબંધિત કોઇ ઇન્ફ્રાસ્ટ્રક્ચર નથી જે તેનો વધુ સામાન્ય રીતે ઉપયોગ કરી શકે**

ભારતીય મૂળના વૈજ્ઞાનિકની આગેવાની હેઠળ કાર્યરત વૈજ્ઞાનિક ટીમે નવી સિસ્ટમ વિકસાવી છે. આ સહાયથી મંગળ પરના મીઠા પાણીમાંથી ઓક્સિજન અને હાઈડ્રોજન બળતણ બનાવી શકાય છે.

વૈજ્ઞાનિકો માને છે કે આ સિસ્ટમ મંગળ અને તેનાથી આગળના અંતરિક્ષ યાત્રામાં વ્યૂહાત્મક પરિવર્તન લાવશે.ઘણા સંશોધન માં મંગળ પર જીવન (જીવન પર મંગળ) નો સંકેત આપવામાં આવ્યો છે. આ નવી સિસ્ટમથી આ બાબતોને વધુ શક્તિ મળશે. સંશોધનકારોના મતે મંગળ ખૂબ ઠંડુ છે. આ હોવા છતાં, ત્યાં પાણી જામતું નથી. એવું ઉભા કરવામાં આવી રહ્યા છે કે ત્યાં પાણીમાં ઘણું મીઠું (આલ્કલી) હોઈ શકે છે, જેનાથી તેના થીજેલા તાપમાનમાં ઘટાડો થાય છે.





**બળતણ બનાવવાના પ્રયત્નો ચાલુ રહે છે**

વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે વીજળીની મદદથી જળના કમ્પાઉન્ડને ઓક્સિજન અને હાઈડ્રોજન ઇંધણમાં રૂપાંતરિત કરવા માટે સૌ પ્રથમ પાણીને કાપનારને અલગ પ ડવો પડશે. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં, આટલી લાંબી અને ખર્ચાળ પ્રક્રિયા સાથે, તે મંગળના વાતાવરણ મુજબ જોખમી રહેશે. સંશોધનકારોની ટીમનું નેતૃત્વ યુએસની વોશિંગ્ટન યુનિવર્સિટીમાં પ્રોફેસર વિજય રામાણી કરી રહ્યા છે.

તેઓએ મંગળના વાતાવરણની પરિસ્થિતિ અનુસાર માઈનસ ૩૬ ડિગ્રી સેલ્સિયસથી નીચે તાપમાને આ સિસ્ટમનું પરીક્ષણ કર્યું છે.

વૈજ્ઞાનિક વિજય રામાણીએ કહ્યું કે અમારું ઈલેક્ટ્રોલાઈઝર, જે મંગળની સ્થિતિ હેઠળ પાણીને બે પ્રવાહીમાં વિભાજીત કરે છે, તે મંગળ અને તેના પારના મિશનની વ્યૂહાત્મક ગણતરીને સંપૂર્ણપણે બદલશે. આ તકનીક પૃથ્વી પર પણ એટલી જ ઉપયોગી છે, જ્યાં સમુદ્ર ઓક્સિજન અને બળતણ (હાઈડ્રોજન) નો સદ્ધર સ્ત્રોત છે.

સંશોધનકારોએ જણાવ્યું છે કે મંગળ પર અસ્થાયીરૂપે રહેવા માટેઅવકાશયાત્રીઓએ પાણી અને બળતણ સહિત કેટલીક આવશ્યકતાઓનું ઉત્પાદન કરવું પડશે.

નાસાના પર્સિવરન્સ રોવર હાલમાં મંગળની યાત્રા કરી રહ્યા છે. તેણે તેની સાથે આવા ઉપકરણો લીધા છે.જે ઉચ્ચ તાપમાન આધારિત વિદ્યુત વિચ્છેદનનો ઉપયોગ કરશે. જો કે, રોવર દ્વારા મોકલેલો સાધન મંગળ ઓક્સિજન ઈન-સીટુ રિસોર્સ યુટિલાઈઝેશન પ્રયોગ (મોક્સી) વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડ લઈને ફક્ત ઓક્સિજન બનાવશે. પાણીમાંથી ઓક્સિજન મેળવવા માટેની આ નવી પદ્ધતિનો ઉપયોગ અવકાશમાં થઈ શકે છે.

આપણા રોજિંદા જીવનને ઉર્જા બનાવવા માટે સૂર્યનો ઉર્જાના સ્ત્રોત તરીકે ઉપયોગ કરવો એ એક સૌથી મોટો પડકાર છે. જેનો આપણે પૃથ્વી પર સામનો કરવો પડતો નથી. આ રીતે, અમે નવીનીકરણીયઉર્જા સ્ત્રોતો પર વિશ્વાસ મૂકીએ તેલનો વપરાશ કરવાનું બંધ કરતાં, સંશોધનકારો ઉપયોગ કરવાની સંભાવનામાં રસ લેવાનું શરૂ કરે છે. બળતણ તરીકે હાઈડ્રોજન.

આ લક્ષ્યને હાંસલ કરવાની શ્રેષ્ઠ રીત એ છે કે પાણીને તેના બે ઘટકો, હાઈડ્રોજન અને ઓક્સિજનમાં વહેંચવું. તરીકે ઓળખાતી એકદમ જટિલ પ્રક્રિયાનો ઉપ યોગ કરીને આજે આ શક્ય છે. વિદ્યુત વિચ્છેદનમૂળભૂત રીતે આ પદ્ધતિ જે કરે છે તે એક નમૂના દ્વારા વર્તમાનને મોકલવામાં આવે છે જેમાં દ્રાવ્ય ઈલેક્ટ્રોલાઈટ હોય છે. આનાથી પાણી ઓક્સિજન અને હાઈડ્રોજનમાં વિભાજિત થાય છે. જે બે ઈલેક્ટ્રોડ્સ પર અલગથી મુક્ત થાય છે.

આ પદ્ધતિની મુખ્ય સમસ્યા એ છે કે, જોકે માનવી જાણે છે કે તેને કેવી રીતે ચલાવવું, પૃથ્વી પર અમારી પાસે હાઈડ્રોજન સંબંધિત કોઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી જે તેનો વધુ સામાન્ય રીતે ઉપયોગ કરી શકે. અમે ઉદાહરણ તરીકે ચાર્જિંગ સ્ટેશનો વિશે વાત કરી રહ્યા છીએ.

દુર્ભાગ્યે, આ બધી શોધો હોવા છતાં, સત્ય એ છે કે તે હજી પણ છે લાંબા સમય સુધી મનુષ્ય અવકાશમાં ટકી શકે તે સુનિશ્ચિત કરવાની રીત અમે શોધી શકી નથી. એક મુખ્ય પડકાર કે જેનો આપણે સામનો કરવો પડ્યો છે અને તેનું નિરાકરણ કરવું તે એ છે કે અવકાશયાત્રીઓને શ્વાસ લેવા માટે પૂરતા પ્રમાણમાં ઓક્સિજન પરિવહન કરવામાં સમર્થ થવું, જે કંઈક સૂચવે છે કે આપણી સાથે પૂરતું બળતણ વહન કરે છે જેનો ઉપયોગ જટિલ ઈલેક્ટ્રોનિક ઘટકોનો ઉપયોગ કરવા માટે થવો જોઈએ.

આ તબક્કે માણસો લાંબા સમય સુધી અંતરિક્ષમાં જીવી શકે તે પહેલાં હજી લાંબી મજલ બાકી છે. વૈજ્ઞાનિક ટીમે હાઈડ્રોજન ઉત્પન્ન કરવાની પદ્ધતિ વિકસાવવા સિવાય કશું જ પ્રાપ્ત કર્યું નથી, જેનો ઉપયોગ બળતણ અને પાણીમાંથી ઓક્સિજન તરીકે થશે. આ માટે તમારે એ નો ઉપયોગ કરવો જ જોઈએ સેમિકન્ડક્ટર સામગ્રી અને સૂર્યપ્રકાશ અથવા સ્ટારલાઈટ. આ તકનીકનો ઉપયોગ શૂન્ય ગુરુત્વાકર્ષણમાં થઈ શકે છે, જે તે જગ્યામાં કરવા માટે મહત્વપૂર્ણ છે.



**હેન્ડીક્રાફ્ટ માર્કેટનુ કદ ૯૮૫ અબજ ડોલર સુધી ટુંકમાં જશે...**

**આ સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૩ સુધી હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસમાં માર્કેટ કદ ૯૮૫ અબજ ડોલર સુધી પહોંચી શકે છે જેમાં સૌથી વધારે માંગ ઇમિટેશન, જ્વેલરી, માર્બલ ક્રાફ્ટ, જરી પ્રોડક્ટસ, કારપેટનો સમાવેશ થાય છે**


# હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટ સેલનો ક્રેઝ વધ્યો

**હેન્ડીક્રાફ્ટ ચીજોને વેચવા માટે કારોબારીઓ ઓનલાઇન ઉપરાંત કેટલાક અન્ય વિકલ્પનો ઉપયોગ કરી શકે અને જંગી કમાણી કરી શકે**

હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ માર્કેટનુ કદ રોકેટ ગતિથી વધી રહ્યુ છે. આવનાર સમયમાં તેમાં વધારે તેજી આવવાના સંકેત દેખાઈ રહ્યા છે. હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટ સેલને લઈને હવે ઉદ્યોગસાહસિકો પણ લોકોની પસંદ મુજબ નવા નવા પ્રયોગ કરી રહ્યા છે. આર્ટિજન પ્રોડક્ટની માંગ વૈશ્વિક સ્તર પર ૮-૯ ટકા વાર્ષિક દરે વધી રહી છે. આમાં ભારત ઉપરાંત ચીન અને અફઘાનિસ્તાનની ચીજોની માંગ સૌથી વધારે જોવા મળી રહી છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક સર્વે બાદ તેના તારણો જારી કરવામાં આવ્યા હતા. જેનાથી જાણી શકાય છે કે હેન્ડીક્રાફ્ટ માર્કેટનુ કદ કેટલી ઝડપથી વધી રહ્યુ છે. આ સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૩ સુધી હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસમાં માર્કેટ કદ ૯૮૫ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. જેમાં સૌથી વધારે માંગ ઈમિટેશન, જ્વેલરી, માર્બલ ક્રાફ્ટ, જરી પ્રોડક્ટસ, કારપેટનો સમાવેશ થાય છે. દેશમાં પણ છેલ્લા પાંચ વર્ષના ગાળામાં હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ માર્કેટનુ કદ સતત વધી રહ્યુ છે. મેકિંગ અને માર્કેટિંગથી લઈને વધારે જાણરુકતા જોવા મળી રહી છે. આ જ કારણસર ઓનલાઈન એવા પ્રોડક્ટસની ઉપલબ્ધતા પણ વધી ગઈ છે. ભારતમાં ૧૭ ટકા કરતા વધારે ઐર્ટિજન અને ટ્રાઈબ્સ એવા છે જેના દ્વારા સ્ટાર્ટ અપ તરીકે આવા પ્રોડક્ટસ મેકિંગની ફરી શરૂઆત કરી છે. ચીજોની યોગ્ય કિંમતો અને માર્કેટિંગ માટે ઓનલાઈન સેલ ઉપરાંત તેમની પાસે કેટલાક અન્ય વિકલ્પ રહેલા છે. આ વિકલ્પને લઈને પણ ચર્ચા છે. ઓનલાઈન પ્રોડક્ટસ સેલ કરવાની બાબત ગ્રામીણ ક્ષેત્રોમાં રહેતા લોકોની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ઉપયોગી બની શકે છે પરંતુ આ પડકાર છે. ઓનલાઈન પ્રોડક્ટ સેલ કરવાની બાબત ગ્રામીણ વિસ્તારમાં રહેતા હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ મેકર માટે પડકારરૂપ છે. જાણકાર લોકો કહે છે કે મેટ્રો શહેરોમાં હવે વીક ડે માર્કેટની બોલબાલા દેખાઈ રહી છે. શહેર ઉપરાંત અલગ અલગ વિસ્તારમાં એક એક દિવસે આવા અસ્થાયી માર્કેટ લાગતા રહે છે. જ્યાં તમામ પ્રકારની વસ્તુઓ મળે છે. હેન્ડીક્રાફ્ટ સાથે જોડાયેલા કારોરાબારી માટે આ વિકલ્પ ખુબ સારા વિકલ્પ તરીકે છે. આના માટે આવા ઉદ્યોગસાહસિકોને તેમના આસપાસના શહેરોમાં લાગતા માર્કેટ અંગે માહિતી મેળવી લેવાની જરૂર હોય છે. રિસર્ચ કરવામાં આવ્યા બાદ તેઓ આ માર્કેટમાં પહોંચનાર લોકોની જરૂરિયાતની માગ મુજબ પ્રોડક્ટસ બનાવી શકે છે. આવા માર્કેટમાં વધારે માંગ ફેસન ડેકોર સાથે જોડાયેલી ચીજોની રહે છે. કેફે કમ આર્ટ ગેલેરી વાળી આ જગ્યાને પણ પ્રોડક્સ સેલ માટે વિકલ્પ તરીકે ઉપયોગ કરી શકાય છે. એક સ્થાયી અને અસ્થાયી કાઉન્ટર તેમજ એક કોન્ટ્રાકટની સાથે બિઝનેસને અહીં સ્ટાર્ટ કરવામાં આવી શકે છે. પ્રવાસી સ્થળની નજીક આની ખાસ બોલબાલા રહે છે. ખાસ કરીને રાજસ્થાની હેન્ડીક્રાફ્ટ મેકર માટે પ્રવાસી સ્થળ વધારે સાનુકુળ અને આદર્શ તરીકે રહે છે.પોપ અપ સ્ટાર પણ વિકલ્પ તરીકે છે. આ એવા સ્ટોર હોય છે જે સિઝન અથવા તો ફેસ્ટિવલ મુજબ કામ કરે છે. જો કે તેમની સંખ્યા ખુબ ઓછી હોય છે. આવી સ્થિતીમાં સ્ટોર સંચાલક સાથે તમે સંપર્ક કરી શકો છો. અહીં કમીશન કોન્ટ્રાક્ટ માટે તમે હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ વેચી શકો છો. સ્થાનિક અને દેશના જુદા જુદા હિસ્સામાં આયોજિત થનાર ફેસ્ટિવલ ફેયર અથવા તો શોપિંગ કાર્નિવલમાં જતા એવા સ્ટોર માલિકથી તમે સંપર્ક કરી શકો છો. આવી સ્થિતીમાં સેલમાં વધારો થઈ શકે છે. સરકારી ક્રાફટ ફેયર ઉપરાંત આર્ટિજન સ્કુલ, કોલેજ અને સોશિલ કોમ્યુનિટી તરફથી લાગતા મેળામાં પણ પોતાની ચીજો રજુ કરી શકાય છે. આવા મેળા મારફતે સેલમાં વધારો થાય છે. આના માટે માર્કેટિંગનો રસ્તો પણ ખુલી જાય છે. કેટલાક લોકો કહે છે કે ચેરિટી ઈવેન્ટસનો ઉપયોગ પણ આવા પ્રોડક્ટસના વેચાણ માટે કરવામાં આવી શકે છે. આનો ઉપયોગ બિઝનેસ પ્લેટફોર્મ તરીકે કરવામાં આવી શકે છે. આ ઈવેન્ટસ સાંસ્કૃતિક, ધાર્મિક અને ફન ફેયર સાથે સંબંધિત હોય છે.



# વર્ષ ૨૦૨૨માં ૮.૮૬ લાખ કરોડ રૂપિયા સાઇબર સિક્યુરિટી પર દુનિયામાં ખર્ચ કરાયા



સાઈબર સિક્યુરિટી પર અબજો ડોલરનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં દુનિયા હૈકર્સનો તોડ શોધી કાઢવામાં સફળ રહી નથી. આ એવી સરકારો માટે ચેતવણી સમાન છે જે ગંભીર નથી અને આનો ઉકેલ શોધી કાઢવા માટે પ્રયાસ પણ કરી રહી નથી. હૈકર્સ પર અંકુશ મુકવા માટે અમેરિકા અને ભારત સહિતના દેશોમાં વિવિધ પગલા સતત લેવામાં આવી રહ્યા છે છતાં હાલત કફોડી બનેલી છે. સમગ્ર દુનિયાના દેશો વર્ષ ૨૦૨૨માં સાઈબર સિક્યુરિટી પર ૮.૮૬ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરી ચુકી છે. આનાથી પણ મોટી બાબત એ છે કે વર્ષ ૨૦૨૩માં સાઈબર સુરક્ષા ખર્ચનો આંકડો ૯.૫૫ લાખ કરોડ સુધી પહોંચી જવાનો અંદાજ છે. અન્ય આંકડા દર્શાવે છે કે દરેક ૩૯ સેકન્ડમાં હૈકર્સ એક વેબસાઈટને હેક કરી નાંખે છે. મેરીલેન્ડ યુનિવર્સિટીના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. ભારતની વાત કરવામાં આવે તો ગયા વર્ષમાં ભારતમાં સાઈબર સુરક્ષા પર ૧.૧૭ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ખર્ચ વધીને ૧.૩૧ લાખ કરોડ સુધી પહોંચી જવાનો અંદાજ છે. સાઈબર સુરક્ષામાં ખર્ચમાં ૧૨.૫ ટકા સુધીનો વધારો થઈ શકે છે. કેટલાક મામલામાં તો હૈકર્સ એટલી સંવેદનશીલ ચીજો હેક કરી રહ્યા છે કે સંબંધિતોને હૈકર્સની માંગ પર પૈસા ચુકવી દેવાની ફરજ પડી રહી છે. સાઈબર સુરક્ષા ફર્મ રેક્સ સ્થાપક જેક વિલિયમ્સ કહે છે કે સાઈબર હુમલાનો સામનો કરવા માટે તૈયારીની જરૂર રહેલી છે. જો કે હૈકર્સ ખુબ ચાલાક અને હોશિયાર હોય છે. આ પ્રકારના હૈકર્સથી શહેરોને પોતાને સુરક્ષિત રાખવાની બાબત સરળ નથી. સુરક્ષાને અભેદ્ય રાખવાની બાબત સરળ નથી.

હાલમાં નવો મામલો સપાટી પર આવી ગયો છે જેના કારણે દુનિયા હલી ગઈ છે. નવો મામલો અમેરિકાના ફ્લોરિડાનો છે. એક નગરપાલિકા કર્મીના ખોટા મેલ ખોલવાની કિંમત ફ્લોરિડા સરકારને ચુકવવાની ફરજ પડી છે. જે હૈકર્સને છ લાખ ડોલર અથવા તો આશરે ચાર કરોડ ૧૭ લાખ રૂપિયા આપવાની ફરજ પડી છે. જો કે સ્થાનિક સરકારે ખંડણીની રકમને મંજુર કરતા પહેલા નવા કોમ્પ્યુટર હાર્ડવેયર અને અન્ય સિસ્ટમને અપગ્રેડ કરવા માટે આશરે સાત કરોડ રૂપિયા ખર્ચ કરવાનો નિર્ણય કર્યો છે. આ સંબંધમાં શહેરના પ્રવકતા એની બ્રાઉને કહ્યુ છે કે કોઈ ગેરંટી નથી કે ખંડણીની રકમ ચુકવી દેવામાં આવ્યા બાદ ફરી સાઈટ હેક કરવામાં આવશે નહીં. તમામ જરૂરી રેકોર્ડ નાણાં ચુકવી દીધા બાદ મળી જશે તે બાબતની પણ કોઈ ગેરંટી દેખાઈ રહી નથી. કેટલાક અન્ય સુરક્ષા સલાહકાર હૈકર્સને નાણાં ચુકવી દેવાની બાબતને યોગ્ય માને છે.

હૈકર્સે સમગ્ર કોમ્પ્યુટર સિસ્ટમને વિકલાંગ બનાવી દીધી છે. હૈકર્સ દ્વારા આ રકમ ક્રિપ્ટો કરેન્સી બિટકોઈનમાં માંગી છે. જે સરળ રીતે ટ્રેસ કરવામાં આવતી નથી. નિષ્ણાંતોનુ કહેવુ છે કે ફ્લોરિડાનો દાખલો માત્ર એક દાખલો છે. કઈ રીતે નગરપાલિકાઓ સરળરીતે રેનસમવેયર હુમલાનો શિકાર થાય છે. મોટા યુનિટો અને રાજ્ય સરકારોની તુલનામાં સાઈબર હુમલા રોકવા માટે પ્રભાવી ઉપાય કરવામાં આવ્યા નથી. સાઈબર સુરક્ષા સેવા ઉપલબ્ધ કરાવનાર કંપની ફાયર આઈના નિષ્ણાંતોએ કહ્યુ છે કે નાગરિકોને સાઈબર સુરક્ષા મળે તે જરૂરી છે. હૈકર્સ દ્વારા એવા ડેટા અને સિસ્ટમને હેક કરી લીધી હતી હાલના દિવસોમાં ભારતમાં પણ આ પ્રકારના સત્તાવાર મેલ આઈડી પર ખંડણીના આવા સંદેશા આવી રહ્યા છે. યુઝર્સ ક્યારેય તેની લાલચ અને સકંજામાં ન આવે તે જરૂરી છે. માર્ચ ૨૦૨૨માં અમેરિકાના એટલાન્ટામાં હૈકર્સ દ્વારા કોમ્પ્યુટરોને હેક કરીને ૫૧ હજાર ડોલરની ખંડણીની માંગ કરી હતી. અહીંથી એવી ચર્ચા છેડાઈ ગઈ હતી કે શુ હૈકર્સને કોઈ ખંડણીની રકમ ચુકવવી જોઈએ. અહીં સાઈબર સુરક્ષા સાથે જોડાયેલા મોટા ભાગના લોકોનુ કહેવુ છે કે સાઈબર સુરક્ષા મોંઘી બની ગઈ છે. જેથીસરકારને આના પર કઠોર કાર્યવાહી અને કાયદા બનાવવાની જરૂર છે.ગયા વર્ષે રેનસમવેયરના ૧૪૯૩ હુમલા કરવામાં આવ્યા હતા. ગયા વર્ષે અમેરિકી સરકારે બે ઈરાની નાગરિકોને એટલાન્ટા અને નેવાર્કમાં ૨૦૦થી વધારે રેનસમવેયર હુમલાના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



હિમવર્ષાના કારણે બની ઘટના

# અમેરિકામાં પ્રાઈવેટ જેટ ક્રેશ, ૭ લોકોના મોત

। એજન્સી, વોશિંગ્ટન, તા.૨૭ ।

અમેરિકાના ઉત્તર-પૂર્વીય ભાગમાં આવેલા ભયાનક બરફના તોફાન વચ્ચે એક મોટી વિમાન દુર્ઘટના સર્જાઈ છે. મેઈન રાજ્યના બેંગોર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રવિવારે સાંજે એક પ્રાઈવેટ જેટ ટેકઓફ દરમિયાન ક્રેશ થયું હતું. આ કરુણ ઘટનામાં સાત લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે એક ક્રૂ મેમ્બર ગંભીર રીતે ઘાયલ થયો હોવાનું જાણવા મળ્યું છે.ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનના રિપોર્ટ અનુસાર, આ અકસ્માત રવિવારે સાંજે અંદાજે ૭:૪૫ વાગ્યે બન્યો હતો. બોમ્બાર્ડિયર ચેલેન્જર ૬૫૦ બિઝનેસ જેટ રન-વે ૫ રથી ઉડાન ભરી રહ્યું હતું ત્યારે કોઈક કારણોસર પલટી ખાઈ ગયું હતું. વિમાન પલટી ગયા બાદ તેમાં ભીષણ આગ લાગી હતી. એરપોર્ટ પ્રશાસને જણાવ્યું કે, ઈમરજન્સી ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી પરંતુ આગ એટલી ભયાનક હતી કે સાત મુસાફરોને બચાવી શકાયા નથી.દુર્ઘટના સમયે સમગ્ર વિસ્તારમાં ભારે હિમવર્ષા થઈ રહી હતી અને તાપમાન શૂન્યથી ઘણું નીચે હતું. ઓછી વિઝિબિલિટી અને બરફના કારણે ઉડાન ભરવામાં મુશ્કેલી પડી રહી હોવાનું અનુમાન છે. એર ટ્રાફિક કંટ્રોલના રેકોર્ડિંગ મુજબ, દુર્ઘટનાની થોડી મિનિટો પહેલા પાયલોટ અને કંટ્રોલર વચ્ચે ડી-આઈસિંગ અંગે વાતચીત થઈ હતી. રન-વે નંબર ૩૩ પરથી ઉડાન ભરવાની મંજૂરી મળ્યાની બે મિનિટ બાદ જ કંટ્રોલરે રેડિયો પર તમામ ટ્રાફિક રોકી દેવાની સૂચના આપી હતી.

## 'મધર ઓફ ઓલ' ડીલ્સ પર મહોર

# ભારત-યુરોપે કર્યો ઈતિહાસની સૌથી મોટો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

**નવી દિલ્હીમાં ભારત-યુરોપની ઐતિહાસિક ફ્રી ટ્રેડ ડીલને અંતિમ રૂપ આપ્યું. આશરે ૧૮ વર્ષ લાંબી વાટાઘાટો બાદ આજે આખરે આ ડીલ પર મહોર વાગી**

। એજન્સી, નવી દિલ્હી, તા.૨૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુરોપિયન યુનિયનના નેતાઓએ નવી દિલ્હીમાં ભારત-યુરોપની ઐતિહાસિક ફ્રી ટ્રેડ ડીલને અંતિમ રૂપ આપ્યું. આશરે ૧૮ વર્ષ લાંબી વાટાઘાટો બાદ આજે આખરે આ ડીલ પર મહોર વાગી. આ ડીલને 'મધર ઓફ ઑલ ડીલ્સ' કહેવામાં આવે છે, જે દુનિયાની ૨૫ ટકા જીડીપીનું પ્રતિનિધિત્વ કરે છે. ફ્રી ટ્રેડ ડીલમાં સૌથી મોટી જાહેરાત ઓટોમોબાઈલ ક્ષેત્રને લગતી છે, જે અંતર્ગત યુરોપથી ભારત આવતી કાર પર ટેક્સ ઘટાડીને ૧૦ ટકા કરાશે. નોંધનીય છે કે, યુરોપિયન યુનિયનના પ્રેસિડેન્ટ ઉર્સુલા વોન ડેર લેયેન અને યુરોપિયન કાઉન્સિલના પ્રેસિડેન્ટ એન્ટોનિયો કોસ્ટા હાલ ભારતના પ્રવાસે છે. આ બંને નેતા ગઈકાલે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ચીફ ગેસ્ટ તરીકે જ ભારત આવી ગયા હતા. આ મુદ્દે બંને પક્ષે ૨૬ જાન્યુઆરીએ જ ફ્રી ટ્રેડ ડીલ અંગે વાટાઘાટો શરૂ કરી હતી, જેને ૨૭ જાન્યુઆરીએ આયોજિત ૧૬માં શિખર સંમેલનમાં અંતિમ રૂપ અપાયું હતું. યુરોપ આ ડીલને 'મધર ઓફ ઑલ ડીલ્સ' કહે છે.



ભારત-યુરોપની સંયુક્ત પત્રકાર પરિષદમાં પીએમ મોદીએ કહ્યું હતું કે, વિશ્વની બે સૌથી મોટી લોકશાહી શક્તિઓએ નવો અધ્યાય સ્થાપિત કર્યો. છેલ્લા ઘણાં વર્ષોથી ભારત અને યુરોપ વચ્ચેના સંબંધો મજબૂત થઈ રહ્યા હતા. આજે આ સંબંધોને નવી ઊંચાઈ પ્રાપ્ત થઈ. ભારતે આજે વિશ્વના સૌથી મોટા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે. આ એગ્રીમેન્ટ સમૃદ્ધિની નવી બ્લૂપ્રિન્ટ છે. ભારત અને યુરોપની આ ડીલ ઈન્ટરનેશનલ સિસ્ટમને સ્થિરતા અને મજબૂતાઈ આપશે. આ સિવાય અમે યુક્રેન, પશ્ચિમ એશિયા, ઈન્ડો-પેસિફિક સહિતના વૈશ્વિક મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી. સૌથી મોટી અસર કાર બજાર પર પડશે. ભારત હાલમાં યુરોપિયન કાર પર લગભગ ૭૦ ટકા જેટલો ટેક્સ વસૂલે છે, જેને તબક્કાવાર ઘટાડીને માત્ર ૧૦ ટકા કરી દેવામાં આવશે. ટ્રાન્ઝિશન પીરિયડ દરમિયાન દર વર્ષે અઢી લાખ વાહનોના ક્વોટાની મર્યાદા રહેશે. આનાથી ભારતમાં લક્ઝરી કારોના ભાવમાં ધરખમ ઘટાડો થશે.એરક્રાફ્ટ અને સ્પેસક્રાફ્ટ સેક્ટરમાં લગભગ તમામ ટેરિફ નાબૂદ કરવામાં આવશે, જે ભારતના એવિયેશન સેક્ટર માટે ફાયદાકારક સાબિત થશે.ઓલિવ ઓઈલ અને અન્ય વનસ્પતિ તેલ કોઈ ટેક્સ વસૂલવામાં આવશે. યુરોપથી આવતી વાઈન પર વસૂલાતો ટેક્સ ૧૫૦ ટકાથી ઘટાડીને ૨૦થી ૩૦ ટકા, બિયર પરનો ટેક્સ ૧૧૦ ટકાથી ઘટાડીને ૫૦ ટકા તથા સ્પિરિટ પરનો ટેક્સ ઘટાડીને ૪૦ ટકા કરાયો છે.

## ભારતમાં ભળી ગયેલા બ્રિટિશ પત્રકાર પદ્મભૂષણ માર્ક ટુલીનું ૯૦ વર્ષે નિધન

। એજન્સી, નવીદિલ્હી, તા.૨૭ ।

અગ્રણી પત્રકાર અને પ્રસિદ્ધ લેખક માર્ક ટુલીનું સાકેતની મેક્સ હોસ્પિટલ ખાતે ૯૦ વર્ષની વયે રવિવારે નિધન થયું, જ્યાં તેમને ૨૧ જાન્યુઆરીએ નેફરોલોજી વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના નજીકના મિત્ર અને સહ-પત્રકાર સતીશ જેકબે આ સમાચારની પુષ્ટી આપી હતી. હોસ્પિટલે જણાવ્યું કે સ્ટ્રોક આવ્યા પછી બપોરે ૨.૩૫ કલાકે અનેક અવયવો નિષ્ફળ જવાથી ટુલીનું મોત થયું હતું. કોલકતામાં ૧૯૩૫માં ૨૪ ઓક્ટોબરના રોજ જન્મેલા ટુલીએ શિક્ષણ માટે ઈંગ્લેન્ડ જવા અગાઉ તેમના પ્રારંભિક વર્ષો ભારતમાં વિતાવ્યા હતા. તેઓ ૧૯૬૪માં બીબીસીના સંવાદદાતા તરીકે પાછા આવ્યા અને તેના નવી દિલ્હી બ્યુરોના ચીફ બન્યા, જે પદ પછી તેમણે ૨૨ વર્ષ સુધી સંભાળ્યું. પાંચ દાયકા કરતા વધુ સમય દરમ્યાન તેઓ ભારતના રાજકીય અને સામાજિક પરિવર્તનના સૌથી સમજદાર ઈતિહાસકારો પૈકી એક તરીકે ઊભરી આવ્યા.ટુલીએ સ્વતંત્રતા પછીના ભારતીય ઈતિહાસમાં કેટલાક સૌથી મહત્વના બનાવોનું રિપોર્ટિંગ કર્યુ હતુ જેમાં બાંગ્લાદેશનું યુદ્ધ, કટોકટી, ઓપરેશન બ્લૂ સ્ટાર, ઈન્દિરા અને રાજીવ ગાંધીની હત્યાઓ અને બાબરી મસ્જિદ ધ્વંસ જેવી ઘટનાઓ સામેલ હતી. પત્રકારિત્વની સાથે તેઓ એક પ્રસિદ્ધ લેખક પણ હતા અને તેમણે 'નો ફુલ સ્ટોપ્સ ઈન ઈન્ડિયા', 'ઈન્ડિયા ઈન સ્લો મોશન' અને 'ધી હાર્ટ ઓફ ઈન્ડિયા' જેવા દસ પ્રભાવશાળી પુસ્તકો લખ્યા હતા.

## તેલંગાણામાં હવે બે કરતાં વધુ બાળકો ધરાવતા ઉમેદવારો પણ ચૂંટણી લડી શકશે

। એજન્સી, હૈદરાબાદ, તા.૧૭ ।

તેલંગાણા કેબિનેટે બે કરતાં વધુ બાળકો ધરાવતા લોકોને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવતા નિયમને સૈદ્ધાંતિક રીતે દૂર કરવાનો નિર્ણય લીધો છે. ગુરુવારે મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા, મહેસૂલ મંત્રી પી. શ્રીનિવાસ રેડ્ડીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે કોંગ્રેસ સરકારના બે વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ૧ થી ૯ ડિસેમ્બર દરમિયાન 'પ્રજા પાલન-પ્રજા વિજયોત્સવમ' ઉજવણીનું આયોજન કરવાનો નિર્ણય લીધો છે.મંત્રીએ કહ્યું, "કેબિનેટે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડવા માટે બે કરતા વધુ બાળકો ધરાવતા ઉમેદવારો પરનો પ્રતિબંધ હટાવવા પર પુનર્વિચાર કર્યો. જ્યારે વસ્તી નિયંત્રણના પગલાં કડક રીતે લાગુ કરવામાં આવી રહ્યા છે, ત્યારે પ્રતિબંધ લાગુ કરવાની કોઈ જરૂર નથી. મંત્રીમંડળની બેઠકમાં આવો મત વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેથી, કેબિનેટે પ્રતિબંધ હટાવવા માટે સૈદ્ધાંતિક રીતે સંમતિ આપી."બેઠકે ત્રણ નવી કૃષિ કોલેજોની સ્થાપનાને મંજૂરી આપી, જે હુઝુરનગર, કોડંગલ અને નિઝામાબાદમાં સ્થિત હશે. હૈદરાબાદ મેટ્રો રેલના વિસ્તરણ કાર્યને ઝડપી બનાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો.

**દેશભરમાંથી પ્રવાસીઓ બરફ જોવા માટે શિમલા આવ્યા હતા । પરંતુ હવે તેને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે**

# બરફની મજા લેવા હિમાચલ ગયેલા પ્રવાસીઓ અટવાયા! ૧૨૫૦ રસ્તા બંધ । કોલ્ડવેવનું એલર્ટ

**જાહેર બાંધકામ વિભાગના મંત્રી વિક્રમાદિત્ય સિંહે રસ્તાઓ પુનઃસ્થાપિત કરવા માટે લગભગ ૩,૫૦૦ મશીનો અને જેસીબી તહેનાત કર્યા । લાહુલ અને સ્પીતિના તાબો ગામમાં તાપમાન માયનસ ૧૦.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું**

। એજન્સી, હિમાચલ પ્રદેશ, તા.૨૭ ।

હિમાચલ પ્રદેશમાં સોમવારે ભારે હિમવર્ષા અને વરસાદને કારણે રાજ્યભરના ૧,૨૫૦થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા હતા. દેશભરમાંથી પ્રવાસીઓ બરફ જોવા માટે શિમલા આવ્યા હતા, પરંતુ હવે તેને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હિમાચલની ખીણોમાં આનંદ માણવા ગયેલા લોકો રસ્તાઓ અવરોધિત થવાને કારણે અટવાઈ ગયા છે. જાહેર બાંધકામ વિભાગના મંત્રી વિક્રમાદિત્ય સિંહે રસ્તાઓ પુનઃસ્થાપિત કરવા માટે લગભગ ૩,૫૦૦ મશીનો અને જેસીબી તહેનાત કર્યા છે. લાહુલ અને સ્પીતિના તાબો ગામમાં તાપમાન માયનસ ૧૦.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.હવામાન વિભાગે આજે (૨૭ જાન્યુઆરી) માટે કુલ્લુ, કિન્નૌર, ચંબા અને લાહુલ-સ્પિતિ જેવા ઊંચાઈવાળા



વિસ્તારોમાં ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યુ છે. જ્યારે શિમલા, સોલન અને કાંગડામાં ભારે પવન અને વીજળીના કડાકા સાથે હિમવર્ષા માટે 'યલો ઍલર્ટ' અપાયું છે.

જાહેર બાંધકામ વિભાગના મંત્રી વિક્રમાદિત્ય સિંહે જણાવ્યું હતું કે, રસ્તાઓ પરથી બરફ હટાવવા માટે રાજ્યભરમાં યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. ૩,૫૦૦ મશીનો અને જેસીબી હાલ કાર્યરત છે. અવરોધિત થયેલા ૧,૨૫૦થી વધુ મુખ્ય રસ્તાઓ ખોલવા માટે સ્નો બ્લોઅર્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જરૂર પડ્યે મશીનરીની સંખ્યામાં વધારો કરવાના આદેશ અપાયા છે.

એક તરફ પ્રવાસીઓ બરફ જોઈને ઉત્સાહિત છે, તો બીજી તરફ લપસણા રસ્તા અને લાંબા ટ્રાફિક જામને કારણે તેમની હાલત કફોડી થઈ છે. પ્રવાસીઓએ જણાવ્યું કે, 'સીઝનનો પહેલો બરફ જોવો આનંદદાયક છે, પરંતુ સવારના સમયે પીવાનું પાણી કે ચા મળવી પણ મુશ્કેલ બની ગઈ છે. રસ્તાઓ બંધ હોવાને કારણે હોટલ અને પરિવહન વ્યવસ્થા ખોરવાઈ છે.'

સરકારના મતે આ હિમવર્ષા પહાડી વિસ્તારોમાં બગીચાઓ અને આગામી પાક માટે 'વરદાન' સમાન છે, કારણ કે તેનાથી વોટર રિચાર્જિંગમાં મદદ મળશે. જોકે, વહીવટીતંત્રે પ્રવાસીઓને અત્યંત સાવધ રહેવા અને હવામાનની ચેતવણીઓ મુજબ જ મુસાફરીનું આયોજન કરવા કડક સૂચના આપી છે.

હિમાચલ પ્રદેશમાં સોમવારે ભારે હિમવર્ષા અને વરસાદને કારણે રાજ્યભરના ૧,૨૫૦થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા હતા.

**ભારતે આતંકવાદના આકા પાકિસ્તાનને વિશ્વ મંચ પર ખુલ્લું પાડ્યું**

## ઓપરેશન સિંદૂરથી ફફડી ગયેલું પાકિસ્તાન ભ્રમ ફેલાવી રહ્યું છે': યુએનમાં ભારતની ફટકાર

। એજન્સી, સંયુક્ત રાષ્ટ, તા.૨૭ ।

સંયુક્ત રાષ્ટ્ર(યુએન)માં ભારતે આતંકવાદના આકા પાકિસ્તાનને વિશ્વ મંચ પર ખુલ્લું પાડ્યું છે. યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ પાર્વથાનેની હરીશે પાકિસ્તાન દ્વારા ફેલાવવામાં આવતા ભ્રમ અને જૂઠાણાંનો પર્દાફાશ કરતા જણાવ્યું હતું કે, 'પાકિસ્તાનનો એકમાત્ર એજન્ડા ભારતને નુકસાન પહોંચાડવાનો છે, પરંતુ ભારતીય સેનાના પરાક્રમ સામે હવે તે લાચાર બન્યું છે.'યુએનમાં પી. હરીશે સુરક્ષા પરિષદમાં જણાવ્યું કે, 'પાકિસ્તાન ઓપરેશન સિંદૂર અંગે ખોટો અને સ્વાર્થી અહેવાલ રજૂ કરી રહ્યું છે. નવમી મે સુધી પાકિસ્તાન ભારત પર હુમલાની ધમકીઓ આપતું હતું. પરંતુ ૧૦મી મેના રોજ ભારતીય કાર્યવાહીથી ગભરાઈને પાકિસ્તાની સેનાએ સીધો ભારતીય સેનાને યુદ્ધવિરામની વિનંતી કરી હતી. ભારતીય એક્શનમાં અનેક પાકિસ્તાની એરબેઝ, રનવે અને હેંગરો નાશ પામ્યા હતા, જેના પુરાવાઓ અત્યારે સાર્વજનિક છે.'પાકિસ્તાની પ્રતિનિધિની ટિપ્પણીઓનો જડબાતોડ જવાબ આપતાં પી. હરીશે કહ્યું કે, 'આતંકવાદને ક્યારેય સામાન્ય બાબત ગણી શકાય નહીં. પાકિસ્તાન જે રીતે આતંકવાદનો વ્યૂહનીતિ તરીકે ઉપયોગ કરે છે, તે લોકશાહી દેશો માટે સ્વીકાર્ય નથી. આંતરરાષ્ટ્રીય મંચોનો ઉપયોગ આતંકવાદને ન્યાયી ઠેરવવા માટે ન થઈ શકે.'પાકિસ્તાનને તેની મર્યાદા યાદ અપાવતા હરીશે ભારપૂર્વક કહ્યું કે, 'પાકિસ્તાનને ભારતની આંતરિક બાબતો પર ટિપ્પણી કરવાનો કોઈ અધિકાર નથી. જમ્મુ અને કાશ્મીર ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ રહ્યો છે, છે અને હંમેશા રહેશે.'ભારતે પાકિસ્તાનમાં 'કાયદાના શાસન'ની સ્થિતિ પર કટાક્ષ કરતાં જણાવ્યું કે, 'જે દેશે તેના ૨૭મા સુધારા દ્વારા સેનાને બંધારણીય બળવો કરવાની છૂટ આપી હોય અને સંરક્ષણ વડાને આજીવન મુક્તિ આપી હોય, તેણે ભારતને સલાહ આપવાની જરૂર નથી. પાકિસ્તાને પોતે આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે કે તે કઈ દિશામાં જઈ રહ્યું છે.'સંયુક્ત રાષ્ટ્ર(યુએન)માં ભારતે આતંકવાદના આકા પાકિસ્તાનને વિશ્વ મંચ પર ખુલ્લું પાડ્યું છે.

### ન્યૂઝ બ્રિફ



## રાજદમાં લાલુ યુગ પૂરો, તેજસ્વી યાદવ નવા કાર્યકારી અધ્યક્ષ બન્યા

। એજન્સી, પટણા, તા.૨૭ ।

રાષ્ટ્રીય જનતા દળ (રાજદ)ની રાષ્ટ્રીય કારોબારીની બેઠક રવિવારે યોજાઈ હતી. આ બેઠકમાં સર્વસંમતિથી પક્ષના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે તેજસ્વી યાદવની નિમણૂક થઈ હતી. આ સાથે રવિવારે રાજદમાં લાલુ યાદવનો યુગ પૂરો થયો હતો. જોકે, તેજસ્વી યાદવની પ્રમુખપદે પસંદગી થતા જ બહેન રોહિણી આચાર્યએ તેજસ્વી યાદવને કઠપૂતળી શહેજાદાની તાજપોશી મુબારક એમ કહી ટીકા કરી હતી. રોહિણીએ તેજસ્વી યાદવના કેટલાક સાથીઓને ઘૂસણખોર ગણાવી પક્ષનો વિનાશ નોંતરનારા તરીકે ઓળખાવ્યા હતા. બિહારમાં રાષ્ટ્રીય જનતા દળ (રાજદ)ના સંસ્થાપક અને સામાજિક ન્યાયના રાજકારણના મોટા ચહેરા લાલુ પ્રસાદ યાદવે રવિવારે પક્ષનું સુકાન નાના પુત્ર તેજસ્વી યાદવને સોંપ્યું હતું. પટનામાં રવિવારે રાજદની રાષ્ટ્રીય કારોબારી બેઠક થઈ હતી, જેમાં પક્ષના વરિષ્ઠ નેતા ભોલા પ્રસાદ યાદવે તેજસ્વી યાદવને પક્ષના કાર્યકારી અધ્યક્ષ બનાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. બેઠકમાં આ પ્રસ્તાવ પાસ થતા જ પક્ષના સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવે તેજસ્વી યાદવના નામની જાહેરાત કરી હતી. આ સાથે હવે રાજદમાં 'તેજસ્વી યુગ'ની શરૂઆત થઈ છે. ગયા વર્ષે બિહાર વિધાનસભા ચૂંટણીમાં રાજદના પરાજય છતાં રાજદમાં તેજસ્વી યાદવનું કદ વધી ગયું છે.રાજદના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ બન્યા પછી તેજસ્વી યાદવે કેન્દ્ર સરકાર અને વિરોધી પક્ષોની ઝાટકણી કાઢી હતી. તેમણએ કહ્યું કે, તે પોતે અને તેમનો પક્ષ લાલુ પ્રસાદ યાદવની જેમ ક્યારેય ઝૂકશે નહીં.

## બુલેટ ટ્રેનનું કામ સ્થગિત,મહારાષ્ટ્રના પાલઘરમાં વિરોધ પ્રદર્શન;

। એજન્સી, મુંબઇ, તા.૨૭ ।

કેન્દ્ર સરકારના સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનનું કામ, મહારાષ્ટ્રના પાલઘરમાં સ્થાનિકો દ્વારા રાતોરાત ખોરવાઈ ગયું. પાલઘરના જલસર ગામના ગ્રામજનોએ મોડી રાત્રે બેરિકેડ ઉભા કરીને બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ અસ્થાયી રૂપે અટકાવી દીધું.જલસરના ગ્રામજનોનો આરોપ છે કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટને કારણે તેમના ઘણા ઘરોને નુકસાન થયું છે, પરંતુ વહીવટીતંત્ર આ બાબતને ગંભીરતાથી લઈ રહ્યું નથી. તેમનો મુખ્ય ગુસ્સો એ હકીકતથી ઉદ્ભવે છે કે અસરગ્રસ્ત લોકોની યાદી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, જેના કારણે વળતર અને પુનર્વસન અંગે અનિશ્ચિતતા ઊભી થઈ છે.ગુસ્સે ભરાયેલા ગ્રામજનો આક્રમક બન્યા. ભારે વરસાદ વચ્ચે, ગ્રામજનોએ એક થઈને રાત્રે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ અટકાવી દીધું અને સ્થળ પર બેરિકેડ લગાવી દીધા. જોકે, કેલ્વા સાગર પોલીસ મોડી રાત્રે ઘટનાસ્થળે પહોંચી અને બેરિકેડ હટાવી દીધા, જેનાથી કામ ફરી શરૂ થયું.આ ઘટનાએ ફરી એકવાર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સામે પાયાના સ્તરે વિરોધ ઉજાગર કર્યો છે. પાલઘર (મહારાષ્ટ્ર) જેવા વિસ્તારોમાં, જમીન સંપાદન અને ટનલિંગને કારણે મહારાષ્ટ્ર વિભાગ ગુજરાતથી પાછળ રહી ગયો છે.

## બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુને જીવતો સળગાવી હત્યા કરી દેવાઇ

। એજન્સી, ઢાકા, તા.૨૭ ।

બાંગ્લાદેશમાં હિન્દુની હત્યાનો વધુ એક મામલો સામે આવ્યો છે. ૨૩ વર્ષના હિન્દુ યુવક ચંચલ ચંદ્ર ભૌમિકની ક્રૂરતાથી હત્યા કરી દેવામાં આવી છે. એવા અહેવાલો છે કે ચંચલને ગેરેજની અંદર જીવતો સળગાવીને મારી નાખવામાં આવ્યો છે. જે ગેરેજમાં તેનો મૃતદેહ મળી આવ્યો ત્યાં જ તે કામ કરતો અને રહેતો હતો. હિન્દુને જીવતા સળગાવીને મારી નાખવાની બે મહિનામાં આ બીજી ઘટના છે. પરિવારમાં એકમાત્ર કમાનારો વ્યક્તિ ચંચલ મૂળ બાંગ્લાદેશના કુમિલ્લા જિલ્લાના લક્ષ્મીપુર ગામનો રહેવાસી છે. છેલ્લા ઘણા વર્ષથી તે નરસિંહ વિસ્તારમાં આવેલા એક ગેરેજમાં કામ કરતો હતો.

## દાવોસ ખાતે ટેક દિગ્ગજો એકમત : એઆઇ બબલ નહીં, વિશ્વની જરૂરિયાત : મસ્ક

। એજન્સી, દાવોસ, તા.૨૭ ।

૨૦૨૫માં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વિવિધ શોધો ચર્ચામાં રહી હતી. ૨૦૨૬ની શરૂઆત સાથે એઆઈ બબલ છે કે શું તે મુદ્દે ચર્ચા થઈ રહી છે. સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દરમિયાન વિશ્વભરની ૮૦૦ થી વધુ કંપનીઓના સીઈઓ હાજર રહ્યાં હતાં. તેમની ચર્ચાઓમાં એઆઈ, હ્યુમનોઈડ રોબોટ્સ અને એઆઈ સાથે નોકરીઓ જેવા મુદ્દાઓ છવાઈ ગયા હતા. ટેસ્લાના ફાઉન્ડર ઈલોન મસ્ક, માઈક્રોસોફ્ટના બિલ ગેટ્સ, બ્લેકરોકના લેરી ફિંક, એન્થ્રોપિકના ડેરિયો એમોડેઈ સહિતના દિગ્ગજોએ એઆઈ બબલ નહીં પરંતુ, વિશ્વની જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું.ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્કે રોબોટ, રોબોટિક્સ અને રોબોટિક એજન્ટ્સ વિશેની ચર્ચામાં ભાગ લીધો હતો. તેમણે કહ્યું કે, ૨૦૨૬ના અંત સુધીમાં એઆઈ માણસો કરતા વધુ સ્માર્ટ બની જશે. જ્યારે, ૨૦૨૭ના અંત સુધીમાં ટેસ્લા સામાન્ય જનતાને હ્યુમનોઈડ રોબોટ્સ વેચવાનું શરૂ કરશે. આ રોબોટ્સ ફેક્ટરીથી લઈને ઘરના તમામ કામ કરી શકશે. પૃથ્વીના દરેક વ્યક્તિ પાસે એક રોબોટ હશે. માણસો પોતાના બાળકો પર નજર રાખવા તેમજ પાલતુ પ્રાણીઓની કાળજી લેવા માટે રોબોટ્સ ખરીદશે. આ સાથે વૃદ્ધોની કાળજી લેવા માટે પણ રોબોટ્સનો ઉપયોગ થશે. એન્થ્રોપિકના સીઈઓ ડેરિયો એમોડેઈએ પોતાની કંપનીમાં એન્જિનિયર્સનું ઉદાહરણ આપતા કહ્યું કે, તેઓ કોડ લખવા માટે એઆઈનો ઉપયોગ કરે છે. ત્યારબાદ, તેમાં પોતે સુધારો કરે છે.

**ભાજપમાં જ નેતાઓએ બાંયો ચડાવી** | **યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના હેડક્વાર્ટર બહાર વિદ્યાર્થીઓ વિરોધ માટે એકત્રિત થયા હતા**

# યુજીસીના નવા નિયમો સામે સવર્ણોમાં નારાજગી । ઠેર ઠેર વિરોધ શરૂ

। એજન્સી, નાગપુર,તા.૨૭ ।

યુજીસીના નિયમોને લઈને સવર્ણોમાં આક્રોશ સતત વધી રહ્યો છે. અત્યાર સુધી સોશિયલ મીડિયામાં વિરોધ નોંધાવવામાં આવી રહ્યો હતો. પરંતુ હવે દિલ્હીથી લઈને યુપી સુધી લોકો રસ્તા પર ઉતરીને વિરોધ નોંધાવી રહ્યા છે. આજે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના હેડક્વાર્ટર બહાર વિદ્યાર્થીઓ વિરોધ માટે એકત્રિત થયા હતા. આ સિવાય ઉત્તર પ્રદેશમાં પણ ઠેર ઠેર દેખાવોનું આયોજન કરાયું છે.

નોંધનીય છે કે દેશભરની યુનિવર્સિટીઓમાં જ્ઞાતિ આધારિત ભેદભાવ દૂર કરવા માટે સરકારે નવા નિયમ બનાવ્યા હતા. જેને લઈને વિરોધ થઈ રહ્યો છે. સવર્ણ સમાજનું કહેવું છે કે આ નિયમો એકતરફી અને અસ્પષ્ટ છે જેના કારણે તેનો દુરુપયોગ થવાની આશંકા છે. યુજીસીએ આદેશ આપ્યા છે કે જ્ઞાતિ આધારિત ભેદભાવ રોકવા માટે એસસી, એસટી અને ઓબીસીના વિદ્યાર્થીઓ માટે ૨૪/૭ હેલ્પલાઈન નંબર, ઈક્વિટી સેન્ટર બનાવવામાં આવશે.

ભેદભાવની વ્યાખ્યા: નવા નિયમ મુજબ, જ્ઞાતિ આધારિત ભેદભાવમાં માત્ર એસસી, એસટી અને ઓબીસી વર્ગના સભ્યો સામેલ થયેલા ભેદભાવ જ ગણવામાં આવશે. જનરલ કેટેગરી સાથે કોઈ ભેદભાવ થાય તો કોઈ કાયદાકીય રક્ષણ નહીં મળે.

જો કોઈ જાણીજોઇને ખોટી ફરિયાદ કરે તેના સામે દંડ કે સજાની કોઈ જોગવાઈ




નથી. એવામાં અંગત અદાવત કાઢવા નિર્દોષ વિદ્યાર્થીઓ અથવા પ્રોફેસરોને નિશાનો બનાવાશે.

કોલેજોમાં સમાનતા સમિતિ બનાવવામાં આવશે. તેમાં એસસી, એસટી, ઓબીસી, મહિલા અનિવાર્ય છે પરંતુ જનરલ કેટેગરીના પ્રતિનિધિત્વ માટે કોઈ જોગવાઈ નથી.

સમગ્ર મામલે ભાજપમાં જ વિરોધ શરૂ થઈ ગયો છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉક્ટર સંજય સિંહે કહ્યું છે કે, સંતુલિત પ્રતિનિધિત્વ ન હોય તેવી સમિતિઓ કેવી રીતે ન્યાય કરી શકે? આવી સમિતિઓથી સમસ્યાનું સમાધાન ન થાય. દરેક નાગરિકના સન્માન અને સુરક્ષાની રક્ષા થવી જોઈએ. તમામ વર્ગની ભાગીદારી જરૂરી છે.

ભાજપ નેતા બૃજ ભૂષણ શરણ સિંહના પુત્ર અને ધારાસભ્ય પ્રતિક ભૂષણે કહ્યું છે કે, આ બેવડા વલણની ગહન સમીક્ષા થવી જોઈએ. ભારતીય સમાજના એક વર્ગને ઐતિહાસિક ગુનેગાર બતાવી બદલો લેવા માટે નિશાનો બનાવવામાં આવે છે.

ખેડૂત આગેવાન રાકેશ ટિકેતે કહ્યું છે કે, આ કાયદાથી ભારતમાં જ્ઞાતિગત તણાવ અને વિવાદ વધશે. સરકાર જ ઈચ્છે છે કે દેશ જ્ઞાતિવાદ, ધર્મવાદમાં ફસાયેલો રહે. સમાજમાં અંદરોઅંદર દુશ્મનાવટ વધે. આવા નિર્ણય દેશ માટે સારા નથી.

# ૨૫ના મોત, લાખો ઘરોમાં બત્તી ગુલ, ટ્રાન્સપોર્ટેશન ઠપ । અમેરિકામાં બરફના તોફાનની તબાહી







વોશિંગ્ટન : અમેરિકામાં છેલ્લા કેટલાક દિવસોથી ચાલુ બરફના તોફાને રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ભારે હિમ વર્ષા અને કોલ્ડ વેવને કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. આ કુદરતી આફતમાં અત્યાર સુધી ૨૫ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે લાખો લોકો કડકડતી ઠંડીમાં વીજળી વગર અંધારામાં રહેવા મજબૂર બન્યા છે.અમેરિકાના મેઈન રાજ્યના બાંગોર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અકસ્માત સર્જાયો હતો. ભારે બરફના તોફાન અને ઓછી વિઝિબિલિટીને કારણે એક ખાનગી બિઝનેસ જેટ ક્રેશ થયું હતું, જેમાં સવાર ૭ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતા. આ દુર્ઘટના બાદ બાંગોર એરપોર્ટને સુરક્ષાના કારણોસર અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું છે.અહેવાલો અનુસાર, ટેનેસી, મિસિસિપી અને લુઇસિયાના બરફવર્ષાથી સૌથી વધુ પ્રભાવિત થયા છે. ટેક્સાસ, કેન્ટુકી, જ્યોર્જિયા, વેસ્ટ વર્જિનિયા અને અલાબામા ખાસ કરીને પ્રભાવિત થયા છે. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ ફ્લાઈટઅવેર અનુસાર, રવિવારે નિર્ધારિત ૧૦,૮૦૦ થી વધુ યુએસ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. શનિવારે પણ ૪,૦૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી.પરિસ્થિતિની ગંભીરતાને જોતા ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી દ્વારા ૧૭ રાજ્યો અને વોશિંગ્ટન, ડી.સી. માં હવામાન કટોકટી જાહેર કરવામાં આવી છે. ટેનેસી, મિસિસિપી અને લુઇસિયાના આ તોફાનથી સૌથી વધુ પ્રભાવિત થયા છે.

## શ્રદ્ધા કપુર નાગિનનું શૂટિંગ એપ્રિલથી શરૂ કરશે



। એજન્સી, મુંબઇ, તા.૨૭ ।

શ્રદ્ધા કપૂર તેની નવી ફિલ્મ ‘નાગિન’નું શૂટિંગ આગામી એપ્રિલથી શરુ કરશે. તેની ‘ઈથા’ ફિલ્મનું શૂટિંગ માર્ચ માસ સુધી લંબાઈ જતાં તે પછી જ તે નવી ફિલ્મનાં શૂટિંગ માટે તારીખો ફાળવી શકશે. ‘નાગિન’ એક ફેન્ટસી ફિલ્મ છે. આ ફિલ્મમાં વિઝ્યુઅલ ઈફેક્ટસનો ભરપૂર ઉપયોગ કરવામાં આવશે. જોકે, ફિલ્મના અન્ય કલાકારોની વિગતો હજુ બહાર આવી નથી. શ્રદ્ધા ફિલ્મ ‘ઈથા’માં તમાશા અને લાવણી નૃત્યાંગના વિઠાબાઈ નારાયણગાઉંકરની ભૂમિકા ભજવી રહી છે. આ ફિલ્મનાં શૂટિંગ દરમિયાન શ્રદ્ધાને ઈજા થઇ હતી. પરિણામે થોડા સમય માટે શૂટિંગ અટકી ગયું હતું.

જોકે, શ્રદ્ધાએ ઈજા પછી પણ શૂટિંગ આગળ ધપાવતાં શિડયૂલ ખાસ લંબાવવું પડયું નથી. શ્રદ્ધા કપૂર તેની નવી ફિલ્મ ‘નાગિન’નું શૂટિંગ આગામી એપ્રિલથી શરુ કરશે. તેની ‘ઈથા’ ફિલ્મનું શૂટિંગ માર્ચ માસ સુધી લંબાઈ જતાં તે પછી જ તે નવી ફિલ્મનાં શૂટિંગ માટે તારીખો ફાળવી શકશે. ‘નાગિન’ એક ફેન્ટસી ફિલ્મ છે. આ ફિલ્મમાં વિઝ્યુઅલ ઈફેક્ટસનો ભરપૂર ઉપયોગ કરવામાં આવશે. જોકે, ફિલ્મના અન્ય કલાકારોની વિગતો હજુ બહાર આવી નથી.

હુમલો લોમા દે ફ્લોરેસ વિસ્તારમાં થયો

## મેક્સિકોમાં ફૂટબોલ મેચ દરમિયાન અંધાધૂંધ ફાયરિંગ, ૧૧ લોકોના મોત, ૧૨ લોકો ઈજાગ્રસ્ત

**સ્થાનિક મેયરની કચેરીએ આ ઘટનાની પુષ્ટિ કરી છે અને જણાવ્યું છે કે ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા । જેમાંથી કેટલાકની હાલત હજુ પણ નાજુક**

। એજન્સી, મેક્સિકો, તા.૨૭ ।

મેક્સિકોના ગુઆનાહુઆતો રાજ્યમાં રવિવારે એક ફૂટબોલ મેચ દરમિયાન સશસ્ત્ર હુમલાખોરોએ અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ ભયાનક ઘટનામાં ૧૧ લોકોના મોત થયા છે અને ૧૨ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ હુમલો લોમા દે ફ્લોરેસ વિસ્તારમાં થયો હતો, જ્યાં મોટી સંખ્યામાં લોકો ફૂટબોલ મેચ જોવા માટે એકઠા થયા હતા.હુમલાખોરોએ અચાનક ગોળીબાર શરુ કરી દેતાં નાસભાગ મચી ગઈ હતી. ફાયરિંગને કારણે ૧૦ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત થયા હતા, જ્યારે એક વ્યક્તિએ હૉસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. સ્થાનિક મેયરની કચેરીએ આ ઘટનાની પુષ્ટિ કરી છે અને જણાવ્યું છે કે ઘાયલોને તાત્કાલિક હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જેમાંથી કેટલાકની હાલત હજુ પણ નાજુક છે.ઘટનાની જાણ થતાં જ પોલીસ, સેના અને નેશનલ ગાર્ડના જવાનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને સમગ્ર વિસ્તારને ઘેરી લઈને તપાસ શરુ કરી દીધી છે. સત્તાવાળાઓએ હુમલાખોરોને પકડવા માટે મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. જોકે, હજુ સુધી આ હુમલા પાછળનો ચોક્કસ હેતુ સ્પષ્ટ થયો નથી.ગુઆનાહુઆતો



રાજ્ય મેક્સિકોનું સૌથી હિંસક રાજ્ય માનવામાં આવે છે. અહીં ડ્રગ માફિયાઓ અને ગેંગ વચ્ચે વર્ચસ્વ જમાવવા માટે વારંવાર સશસ્ત્ર સંઘર્ષ થતા રહે છે. આ વિસ્તાર ઔદ્યોગિક રીતે સમૃદ્ધ હોવા છતાં સંગઠિત અપરાધોને કારણે અહીં હત્યાના આંકડા ખૂબ ઊંચા છે. આ હુમલાના થોડા સમય પહેલા જ આ જ શહેરમાં ચાર થેલાઓમાંથી માનવ અવશેષો મળી આવ્યા હતા, જે વિસ્તારમાં વધતી હિંસાની ગંભીરતા દર્શાવે છે.મેક્સિકોના પ્રમુખ ક્લાઉડિયા શીનબૌમે તાજેતરમાં દાવો કર્યો હતો કે ૨૦૨૫માં દેશમાં હત્યાનો દર છેલ્લા દાયકાના સૌથી નીચલા સ્તરે પહોંચ્યો છે. સરકારી આંકડા મુજબ ૨૦૨૫માં પ્રતિ લાખ વસ્તીએ ૧૭ હત્યાઓ નોંધાઈ હતી. જોકે, ફૂટબોલ મેદાન પર થયેલા આ તાજા નરસંહારે રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચના અને સામાન્ય નાગરિકોની સુરક્ષા પર ફરી એકવાર સવાલો ઊભા કર્યા છે.મેક્સિકોના ગુઆનાહુઆતો રાજ્યમાં રવિવારે એક ફૂટબોલ મેચ દરમિયાન સશસ્ત્ર હુમલાખોરોએ અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ ભયાનક ઘટનામાં ૧૧ લોકોના મોત થયા છે અને ૧૨ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ હુમલો લોમા દે ફ્લોરેસ વિસ્તારમાં થયો હતો, જ્યાં મોટી સંખ્યામાં લોકો ફૂટબોલ મેચ જોવા માટે એકઠા થયા હતા.

ઈમિગ્રેશન અધિકારીઓને મિનેસોટામાંથી પાછા બોલાવવા માગ

## મિનિયાપોલિસમાં આઈસીઈ એજન્ટોએ વધુ એક અમેરિકનને ઠાર કરતા હોબાળો

**એલેક્સ પ્રેટી મહિલા દેખાવકારને બચાવવા જતા મોતને ભેટયો**
**મિનિયાપોલિસ, ન્યૂયોર્ક, વોશિંગ્ટન ડીસીમાં પણ દેખાવો**

। એજન્સી, મિનિયાપોલિસ, તા. ૨૭ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગેરકાયદે વસાહતીઓ વિરુદ્ધ આકરી કાર્યવાહીના ભાગરૂપે આઈસીઈ એજન્ટોએ મિનેસોટાના શહેર મિનિયાપોલિસમાં ઘરે ઘરે જઈને તપાસ અભિયાન હાથ ધર્યું છે. આ કાર્યવાહીમાં આઈસીઈ એજન્ટોએ શનિવારે વધુ એક અમેરિકન યુવકને ઠાર કરતાં ભારે હોબાળો મચી ગયો છે. આ ઘટનાના પગલે મિનિયાપોલિસમાં આઈસીઈ એજન્ટો વિરુદ્ધ દેખાવો ઉગ્ર થઈ ગયા છે. મિનેસોટાના ગવર્નર ટીમ વોલ્ઝે ટ્રમ્પ સરકારને આઈસીઈ એજન્ટોને પાછા બોલાવવા માગ કરી.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળમાં સત્તા સંભાળ્યા પછી ગેરકાયદે વસાહતીઓ સામે આકરી કાર્યવાહી શરૂ કરી છે, જેના ભાગરૂપે મિનેસોટાના મિનિયાપોલીસમાં આઈસીઈ એજન્ટો ઘરે ઘરે જઈને વસાહતીઓની ધરપકડ કરે છે. જોકે, મિનિયાપોલિસમાં આઈસીઈ એજન્ટોએ ગેરકાયદે વસાહતીઓના બદલે આ મહિનામાં બે અમેરિકનોને ઠાર કરતાં ભારે વિવાદ સર્જાયો છે.આઈસીઈ એજન્ટોએ ૩૭ વર્ષના પુરુષ નર્સ એલેક્સ જેફ્રી પ્રેટીની ગોળી મારી હત્યા કરતા સેંકડો દેખાવકારો રસ્તા પર આવી ગયા હતા. મિનિયાપોલિસમાં આ પહેલાં આઈસીઈ એજન્ટોએ અમેરિકન મહિલા રેની ગૂડને ગોળી માર્યા પછી લોકોમાં ભારે આક્રોશ હતો. આવા સમયે એજન્ટોના હાથે વધુ એક અમેરિકન યુવકની હત્યાની ઘટનાએ વધુ ઘેરા પ્રત્યાઘાત સર્જ્યા છે.એલેક્સ જેફ્રી પ્રેટીની મોત બાદ મિનિયાપોલિસના અનેક વિસ્તારોમાં સેંકડો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. દેખાવકારોને રોકવા માટે ફેડરલ એજન્ટ્સે ટિયર ગેસ અને સ્ટન ગ્રેનેડનો ઉપયોગ કરવો પડયો હતો. આ સાથે ન્યૂયોર્ક, વોશિંગ્ટન ડીસી અને સેન ફ્રાન્સિસ્કોમાં પણ દેખાવો શરૂ થઈ ગયા હતા. શનિવારે વિન્ટર સ્ટોર્મ ફર્નની અસર હેઠળ હાડ થીજાવતી ઠંડી છતાં લોકો પ્રેટીના મેમોરિયલ પર પહોંચ્યા હતા. જોકે, હોમલેન્ડ સિક્યોરિટી વિભાગે એલેક્સ પ્રેટી બંદૂક લઈને એજન્ટો તરફ આગળ વધી રહ્યો હોવાનો અને તેની પાસેથી બંદૂક આંચકી લેવાનો પ્રયાસ કરતી વખતે એજન્ટોએ પોતાના બચાવમાં ગોળીબાર કર્યાનો દાવો કર્યો હતો.

## પ્રિયંકાની વારાણસી ફિલ્મ આવતાં વર્ષે રામનવમીએ રીલિઝ થશે



। એજન્સી, મુંબઈ, તા.૨૭ ।

પ્રિયંકા ચોપરા તથા મહેશબાબુની ફિલ્મ ‘વારાણસી’ આગામી વર્ષે રામ નવમી વખતે રીલિઝ થાય તેવી સંભાવના છે. આ ફિલ્મમાં રામાયણનાં કથાનક સાથે સંબંધ ધરાવતી વાર્તા હોવાથી રાજામૌલીએ આ રીલિઝ ડેટ નક્કી કરી હોવાનું કહેવાય છે. પૃથ્વીરાજ સુકુમારનની પણ મહત્વની ભૂમિકા ધરાવતી ફિલ્મનું બજેટ ૧૩૦૦ કરોડ હોવાનો દાવો થઈ રહ્યો છે. ફિલ્મનું શૂટિંગ અગાઉ હૈદરાબાદ તથા ઓરિસ્સામાં તથા વિદેશમાં પણ થઈ ચૂક્યું છે. હજુ આ વર્ષે પણ ઘણું શૂટિંગ થવાનું હોવાનું કહેવાય છે.

ફિલ્મમાં એમ.એમ. કિરવાની મ્યુઝિક આપશે. જ્યારે પટકથા વિજયેન્દ્ર પ્રસાદે લખી છે. પ્રિયંકા ચોપરા તથા મહેશબાબુની ફિલ્મ ‘વારાણસી’ આગામી વર્ષે રામ નવમી વખતે રીલિઝ થાય તેવી સંભાવના છે. આ ફિલ્મમાં રામાયણનાં કથાનક સાથે સંબંધ ધરાવતી વાર્તા હોવાથી રાજામૌલીએ આ રીલિઝ ડેટ નક્કી કરી હોવાનું કહેવાય છે. પૃથ્વીરાજ સુકુમારનની પણ મહત્વની ભૂમિકા ધરાવતી ફિલ્મનું બજેટ ૧૩૦૦ કરોડ હોવાનો દાવો થઈ રહ્યો છે. ફિલ્મનું શૂટિંગ અગાઉ હૈદરાબાદ તથા ઓરિસ્સામાં તથા વિદેશમાં પણ થઈ ચૂક્યું છે. હજુ આ વર્ષે પણ ઘણું શૂટિંગ થવાનું હોવાનું કહેવાય છે. ફિલ્મમાં એમ.એમ. કિરવાની મ્યુઝિક આપશે. જ્યારે પટકથા વિજયેન્દ્ર પ્રસાદે લખી છે.

## અમેરિકામાં ભારતીય પરિવારમાં ખુની ખેલ પતિએ પત્ની અને ત્રણ સગાની હત્યા કરી

। એજન્સી, એટલાન્ટા, ૨૭ ।

અમેરિકામાં રહેતા ભારતીય મૂળના વિજય કુમારે પોતાની પત્ની અને અન્ય ત્રણ સંબંધીની હત્યા કરી નાખી હતી. પરિવારના વિવાદોમાં આ હત્યા થઈ હોવાનું હાલમાં સામે આવ્યું છે. આ ઘટના અમેરિકાના જ્યોર્જિયાના લોરેન્સવીલે શહેરમાં સામે આવી હતી. પોલીસે હાલ આરોપી વિજય કુમારને કસ્ટડીમાં લઈને વધુ પૂછપરછ શરૂ કરી છે. આ સમગ્ર હત્યાકાંડ સમયે બાળકો ઘરે હતા જેમણે પોતાને છૂપાવીને જીવ બચાવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ વિજય કુમાર અને તેની પત્ની મીમુ ડોગરા વચ્ચે તેમના એટલાન્ટા સ્થિત ઘરે ઉગ્ર બોલાચાલી થઈ હતી. બાદમાં તેઓ પરિવારના અન્ય સભ્યોના બ્રૂક એલવી કોર્ટ સ્થિત ઘરે પહોંચ્યા હતા, તે સમયે પોતાનો ૧૨ વર્ષનો બાળક પણ સાથે હતો. આ સંબંધીઓના નામ ગૌરવ કુમાર, નીધી ચંદર હરીષ ચંદર છે. ઘટના સમયે સાત અને આઠ વર્ષના અન્ય બે બાળકો પણ ઘરે હતા. વિજય કુમારે સંબંધીઓના ઘરે પોતાની પત્ની મીમુ ડોગરા, ગૌરવ કુમાર, નીધી અને હરીષની હત્યા કરી નાખી હતી. જ્યારે સંબંધીઓના બે બાળકો કબાટમાં છુપાઈ ગયા હતા, જ્યારે હત્યારા વિજય કુમારના બાળકે હિમ્મત રાખી અને ઈમર્જન્સી નંબર ૯૧૧ પર ફોન કર્યો હતો. બાળકે સમગ્ર ઘટનાની જાણકારી આપતા તાત્કાલીક પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી.

## પાકિસ્તાનમાં ટ્રેક પર બ્લાસ્ટ, જાફર એક્સપ્રેસના 3 ડબ્બા પાટા પરથી ઉતર્યા । અનેક જવાનોના મોત થયાનો બીઆરજીનો દાવો

। એજન્સી, સિંધ પ્રાંત, તા.૨૭ ।

પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં બલૂચોએ ફરી એકવાર રેલવેને નિશાન બનાવીને મોટી તબાહી મચાવી છે. શિકારપુર વિસ્તારમાં રેલવે ટ્રેક પર ભયાનક બોમ્બ બ્લાસ્ટ થવાને કારણે ક્વેટાથી રાવલપિંડી જઈ રહેલી જાફર એક્સપ્રેસના ત્રણ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે.

આ હુમલાની જવાબદારી બલૂચ રિપબ્લિકન ગાર્ડ્સ એ સ્વીકારી છે અને ચેતવણી આપી છે કે, જ્યાં સુધી બલૂચિસ્તાનને આઝાદી નહીં મળે ત્યાં સુધી આવા હુમલા ચાલુ રહેશે. બલૂચ રિપબ્લિકન ગાર્ડ્સ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, આ હુમલો ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યો હતો. સંગઠનના કમાન્ડોએ શિકારપુર અને જેકબાબાદ વચ્ચે આવેલા સુલતાન કોટ કસ્બામાં રેલવે ટ્રેક પર આઈઈડી ગોઠવ્યો હતો. જ્યારે ટ્રેન ત્યાંથી પસાર થઈ રહી હતી ત્યારે રિમોટ કંટ્રોલ દ્વારા બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો.

સંગઠનનો દાવો છે કે, ટ્રેનમાં પાકિસ્તાની સેનાના જવાનો મુસાફરી કરી રહ્યા હતા અને આ વિસ્ફોટમાં અનેક જવાનોના મોત થયા છે જ્યારે ઘણા ગંભીર રીતે ઘાયલ થયા છે.જાફર એક્સપ્રેસ છેલ્લા એક વર્ષથી સતત આતંકી સંગઠનોના નિશાના પર રહી છે. આ સિલસિલો ૧૧ માર્ચ ૨૦૨૫ના રોજ બલૂચિસ્તાન લિબરેશન આર્મી દ્વારા કરવામાં આવેલા હુમલાથી શરૂ થયો હતો. ત્યારબાદ જૂન, ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોબર અને ડિસેમ્બરમાં પણ આ ટ્રેન પર વિસ્ફોટો કરવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર ૨૦૨૫માં મસ્તુંગ પાસે થયેલા બ્લાસ્ટમાં મહિલાઓ અને બાળકો સહિત ૧૨ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

વર્ગીકૃત દસ્તાવેજો દ્વારા મોટો ખુલાસો

ઘટનાને આધુનિક ઇતિહાસનો સૌથી મોટો બે દિવસીય નાગરિક નરસંહાર ગણાવવામાં આવી રહ્યો છે

## ઈરાનમાં લોહીની નદીઓ વહી : બે દિવસમાં ૩૬,૦૦૦ દેખાવકારોના નરસંહારનો દાવો

। એજન્સી , તહેરાન, તા.૨૭ ।

ઈરાનમાં જાન્યુઆરીની શરૂઆતમાં થયેલા વિરોધ પ્રદર્શનોને દબાવવા માટે સરકારી દળોએ કરેલી કાર્યવાહીમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. વિરોધ પક્ષના પ્રભાવશાળી મીડિયા આઉટલેટ ‘ઈરાન ઈન્ટરનેશનલ’ના જણાવ્યા અનુસાર, માત્ર ૮ અને ૯ જાન્યુઆરીના રોજ થયેલા દમનમાં ૩૬,૦૦૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ ઘટનાને આધુનિક ઈતિહાસનો સૌથી મોટો બે દિવસીય નાગરિક નરસંહાર ગણાવવામાં આવી રહ્યો છે.અહેવાલ મુજબ, આ આંકડો ફિલ્ડ રિપોર્ટ્સ, તબીબી સ્ટાફ, પ્રત્યક્ષદર્શીઓ અને પીડિત પરિવારોના નિવેદનો તેમજ કેટલાક ક્લાસિફાઈડ (વર્ગીકૃત) દસ્તાવેજોના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. ઈરાની સુરક્ષા દળો, ખાસ કરીને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (ઈચ્ઝ) અને બસીજ મિલિશિયા પર આ હત્યાકાંડનો આરોપ મૂકવામાં આવ્યો છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આ હિંસામાં ઈરાક અને સીરીયાથી લાવવામાં આવેલા ભાડૂતી લડવૈયાઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.જ્યારે એક તરફ દેશમાં આટલી મોટી જાનહાનિ થઈ છે, ત્યારે



બીજી તરફ ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેનેઈ સુરક્ષાના કારણોસર અજ્ઞાત સ્થળે ખસી ગયા હોવાના અહેવાલ છે. વધતા આંતરરાષ્ટ્રીય દબાણ અને અમેરિકાના હુમલાના ભયને ધ્યાનમાં રાખીને ખામેનેઈ તેહરાનમાં એક અત્યંત સુરક્ષિત અંડરગ્રાઉન્ડ બંકરમાં ચાલ્યા ગયા હોવાનું માનવામાં આવે છે. તેમણે શાસનની કમાન તેમના ત્રીજા પુત્રને સોંપી હોવાની પણ ચર્ચાઓ છે.ઈરાનના નિર્વાસિત ક્રાઉન પ્રિન્સ રેઝા પહલવીએ આ હિંસાની નિંદા કરી છે અને ઈરાનમાં ધર્મનિરપેક્ષ લોકશાહી સ્થાપવા માટે મુક્ત ચૂંટણીઓ કરાવવાની માંગ કરી છે. વિશ્વભરમાં વસતા ઈરાનીઓ દ્વારા ઓસ્ટ્રેલિયા, કેનેડા અને યુરોપમાં વિરોધ પ્રદર્શનો યોજવાની તૈયારીઓ થઈ રહી છે. સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદે પણ ઈરાની સુરક્ષા દળોની આ અમાનવીય કાર્યવાહીની સખત ટીકા કરતો પ્રસ્તાવ પસાર કર્યો છે.મધ્ય પૂર્વમાં વધતા તણાવ અને યુદ્ધની આશંકા વચ્ચે ઘણી આંતરરાષ્ટ્રીય એરલાઈન્સે ઈરાન અને તેની આસપાસના દેશો માટેની તેમની ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. લુફ્થાન્સા, એર ફ્રાન્સ અને કેએલએમ જેવી મોટી કંપનીઓએ ઈઝરાયલ, યુએઈ અને સાઉદી અરેબિયા માટેની મુસાફરી પર પ્રતિબંધ મૂક્યો છે અથવા એડવાઈઝરી જારી કરી છે.ઈરાનમાં જાન્યુઆરીની શરૂઆતમાં થયેલા વિરોધ પ્રદર્શનોને દબાવવા માટે સરકારી દળોએ કરેલી કાર્યવાહીમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે.

નાગાલેન્ડના મુખ્યમંત્રી ડો. નેફ્યુ રિયોએ કહ્યું... કોહિમા સ્થિત મુખ્યમંત્રી નિવાસી સંકુલ ખાતે ગુજરાતના મીડિયા પ્રતિનિધિમંડળ સાથે વાર્તાલાપ કર્યો

## ગુજરાતી પત્રકારોની મુલાકાત નાગાલેન્ડ અને ગુજરાત વચ્ચે વધુ સારી સમજણ અને સંબંધોને મજબૂત બનાવશે

। પ્રતિનિધિ, કોહિમા, તા,૨૭ ।

નાગાલેન્ડના મુખ્યમંત્રી ડૉ. નેફ્યુ રિયોએ ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ કોહિમા સ્થિત મુખ્યમંત્રી નિવાસી સંકુલ ખાતે ગુજરાતના મુલાકાતી મીડિયા પ્રતિનિધિમંડળ સાથે વાર્તાલાપ કર્યો હતો.

ડીઆઈપીઆર મુજબ, રિયોએ નાગાલેન્ડના ઈતિહાસ, સંઘર્ષો, અર્થતંત્ર, સામાજિક મુદ્દાઓ અને ભારતીય બંધારણની કલમ ૩૭૧(એ) માં સમાવિષ્ટ વિશેષ જોગવાઈઓ સહિત તેના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ધ્યાન દોર્યું કે રાજ્ય રોકાણકારોને આકર્ષવામાં અને ઉદ્યોગો સ્થાપવામાં પડકારોનો સામનો કરી રહ્યું



છે, કારણ કે જમીન અને તેના સંસાધનો લોકોની માલિકી ધરાવે છે, મર્યાદિત સમયગાળા માટે ભાડાપટ્ટા સિવાય બહારના લોકોને માલિકીથી પ્રતિબંધિત કરે છે.

મુખ્યમંત્રીએ અવલોકન કર્યું કે ખ્રિસ્તી ધર્મ અને શિક્ષણના આગમન સાથે, આજે નાગા યુવાનો સુશિક્ષિત અને પ્રતિભાશાળી છે, જે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં યોગદાન આપી રહ્યા છે.

બંધારણીય જોગવાઈઓ હેઠળ કુદરતી સંસાધનો સુરક્ષિત રહે છે, રિયોએ ભાર મૂક્યો કે માનવ સંસાધનોનો પ્રગતિ માટે સંપૂર્ણ ઉપયોગ કરી શકાય છે.

તેમણે જાપાન સરકાર દ્વારા પ્રાયોજિત જેઆઈસીએ પ્રોજેક્ટનો પણ ઉલ્લેખ કર્યો અને તાજેતરના વર્ષોમાં નાગાલેન્ડ અને જાપાની લોકો વચ્ચે વિકસેલા સૌહાર્દપૂર્ણ સંબંધોનો ઉલ્લેખ કર્યો.

ગુજરાત મીડિયા ટીમની મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય નાગાલેન્ડમાં વિકાસ પ્રવૃત્તિઓ દર્શાવવાનો અને રાજ્યના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવાનો છે. રિયોએ આશા વ્યક્ત કરી કે આ મુલાકાત નાગાલેન્ડ અને ગુજરાત વચ્ચે વધુ સારી સમજણ અને સંબંધોને મજબૂત બનાવશે.

આ પ્રવાસ કાર્યક્રમ ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરો દ્વારા આયોજિત કરવામાં આવી રહ્યો છે. ગુજરાતના બે PIB અધિકારીઓ સાથે મળીને, વિવિધ ગૃહોના ૧૫ મીડિયાકર્મીઓ ૧૯ થી ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન નાગાલેન્ડની ચાર દિવસની લીધી હતી. નાગાલેન્ડના મુખ્યમંત્રી ડૉ. નેફ્યુ રિયોએ ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ કોહિમા સ્થિત મુખ્યમંત્રી નિવાસી સંકુલ ખાતે ગુજરાતના મુલાકાતી મીડિયા પ્રતિનિધિમંડળ સાથે વાર્તાલાપ કર્યો હતો.

### આગ એટલી વિકરાળ હતી કે તેણે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું

## સુરત જિલ્લાના કામરેજ ટોલ પ્લાઝા નજીક ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ । ૧૫થી વધુ કાર બળીને



। પ્રતિનિધિ, સુરત, તા.૨૭ ।

સુરત જિલ્લાના કામરેજ ટોલ પ્લાઝા નજીક નેશનલ હાઈવે પર ગત રાત્રે આગ લાદી હતી. વાહનોના પ ાટ્ર્સના એક ભંગારના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા લાખો રૂપિયાનો સામાન બળીને રાખ થઈ ગયો છે. આગ એટલી વિકરાળ હતી કે તેણે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું.મળતી માહિતી મુજબ, આગની તીવ્રતા એટલી વધારે હતી કે ગોડાઉનમાં રાખેલા વાહનોના પાટ્ર્સની સાથે બહાર પાર્ક કરેલી ૧૫થી વધુ કાર ભસ્મીભૂત થઈ ગઈ હતી. હાઈવેની નજીક જ આગ લાગી હોવાથી આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ જોવા મળ્યો હતો. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

ઘટનાની જાણ થતા જ કામરેજ, સુમિલોન અને આસપાસની ફાયર ટીમો તેમજ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર ફાઈટરો દ્વારા પાણીનો સતત મારો ચલાવી કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. સુરત જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા હાઈવે પર વાહનોની અવરજવર નિયંત્રિત કરી ટ્રાફિક જામ ન થાય તેની તકેદારી રાખવામાં આવી હતી.

આ ભીષણ આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ કારણ હોઈ શકે તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. ગોડાઉન માલિકને આ ઘટનામાં મોટું આર્થિક નુકસાન થયું હોવાનો અંદાજ છે.

સુરત જિલ્લાના કામરેજ ટોલ પ્લાઝા નજીક નેશનલ હાઈવે પર ગત રાત્રે આગ લાદી હતી. વાહનોના પ ાટ્ર્સના એક ભંગારના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા લાખો રૂપિયાનો સામાન બળીને રાખ થઈ ગયો છે. આગ એટલી વિકરાળ હતી કે તેણે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

### વડોદરા મહાનગર સેવા સદનના દબાણ શાખા દ્વારા શહેરમાં ગેરકાયદેસર દબાણ દૂર કરવાની કાર્યવાહી સતત ચાલુ

## વડોદરા : રસ્તા પર અનધિકૃત પાર્ક અને બંધ પડેલા વાહનો સામે દબાણ શાખાનો સપાટો

**મંગળ બજાર, કલામંદિરના ખાચા સહિત, ન્યાયમંદિર અને કાળો પુરા વિસ્તારમાં ગેરકાયદે દબાણો સહિત આડેધડ વાહન પાર્કિંગથી ટ્રાફિક નિયમનમાં થતા અવરોધ સામે પાલિકા તંત્રની દબાણ શાખાએ**

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૭ ।

વડોદરા શહેરમાં ઠેક ઠેકાણે આડેધડ થતા દબાણો અને કેટલાય વખતથી બંધ હાલતમાં રસ્તા પર પડેલા વાહનો સહિત મંગળ બજાર, કલામંદિરના ખાચા સહિત, ન્યાયમંદિર અને કાળો પુરા વિસ્તારમાં ગેરકાયદે દબાણો સહિત આડેધડ વાહન પાર્કિંગથી ટ્રાફિક નિયમનમાં થતા અવરોધ સામે પાલિકા તંત્રની દબાણ શાખાએ આજે સપાટો બોલાવીને આવી રીતે રસ્તા પર પોતાના વાહનો પાર્ક થવાના કારણે ટ્રાફિક નિયમનમાં ભારે અડચણ સર્જાતી હોવાથી ગેરકાયદે પાર્કિંગ સામે લાલ આંખ કરી હતી. કેટલાય વખતથી રોડ રસ્તા પર બંધ હાલતમાં પડેલા વાહનો દબાણ શાખા ટો કરીને ઉઠાવી લીધા હતા. જ્યારે દુકાનો આગળ થતા ગેરકાયદે પાર્ક વાહનો સામે પણ દબાણ શાખાએ લાલ આંખ કરી હતી.વડોદરા મહાનગર સેવા સદનના દબાણ શાખા દ્વારા શહેરમાં ગેરકાયદેસર દબાણ દૂર કરવાની કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવી છે. જેમાં આજે દબાણ શાખાના અધિકારી મંગેશ જયસ્વાલ તથા તુવેરની દેખરેખ હેઠળ ન્યાય મંદિર કોર્ટ પાસે તથા આજુબાજુના વિસ્તારમાં સ્થાનિકો દ્વારા આડેધડ કરવામાં આવતા અનધિકૃત પાર્કિંગ હટાવવાની સઘન કાર્યવાહી કરવામાં આવી હતી.શહેરના મંગળ



બજાર, કલામંદિર ના ખાચા સહિત કાળુપુરા વિસ્તારમાં દબાણ શાખાએ કરેલી કામગીરીમાં સ્થાનિક પોલીસ અને એસઆરપી તંત્ર દ્વારા બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો.આ વિસ્તારના જાહેર રોડ રસ્તા પર વાહનો પાર્ક કરાઈ રહ્યા હોવાના કારણે ટ્રાફિક માટે ભારે અવરોધરૂપ તથા રાહદારીઓને ભારે ત્રાસરૂપ બન્યો હતો. તે બાબતને ધ્યાને લઈ મહાનગરપાલિકા તંત્રના દબાણ શાખા દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી જાહેર રોડ પર આ આ વિસ્તારમાં ગેરકાયદે અને અનધિકૃત રીતે મોટી સંખ્યામાં પાર્ક કરાયેલા વાહનો હટાવવા સહિત કેટલાય વાહન ચાલકો સામે દંડનિય કાર્યવાહી પણ કરવામાં આવી હતી.પાલિકા તંત્ર દ્વારા નાગરિકોને જાહેર માર્ગો પર ગેરકાયદેસર પાર્કિંગ નહીં કરવા તેમજ નિયમિત પાર્કિંગ વ્યવસ્થાનો ઉપયોગ કરવા પણ અપીલ કરવામાં આવી.

### પાલિકા તંત્ર દ્વારા નાગરિકોને જાહેર માર્ગો પર ગેરકાયદેસર પાર્કિંગ નહીં કરવા તેમજ નિયમિત પાર્કિંગ વ્યવસ્થાનો ઉપયોગ કરવા પણ અપીલ કરવામાં આવી

પાલિકા તંત્ર દ્વારા નાગરિકોને જાહેર માર્ગો પર ગેરકાયદેસર પાર્કિંગ નહીં કરવા તેમજ નિયમિત પાર્કિંગ વ્યવસ્થાનો ઉપ યોગ કરવા પણ અપીલ કરવામાં આવે હતી. ભવિષ્યમાં પણ આવા દબાણ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે તેમ અધિકારીઓ દ્વારા જણાવ્યું હતું.

વડોદરા શહેરમાં ઠેક ઠેકાણે આડેધડ થતા દબાણો અને કેટલાય વખતથી બંધ હાલતમાં રસ્તા પર પડેલા વાહનો સહિત મંગળ બજાર, કલામંદિરના ખાચા સહિત, ન્યાયમંદિર અને કાળો પુરા વિસ્તારમાં ગેરકાયદે દબાણો સહિત આડેધડ વાહન પાર્કિંગથી ટ્રાફિક નિયમનમાં થતા અવરોધ સામે પાલિકા તંત્રની દબાણ શાખાએ આજે સપ ાટો બોલાવીને આવી રીતે રસ્તા પર પોતાના વાહનો પાર્ક થવાના કારણે ટ્રાફિક નિયમનમાં ભારે અડચણ સર્જાતી હોવાથી ગેરકાયદે પાર્કિંગ સામે લાલ આંખ કરી હતી. કેટલાય વખતથી રોડ રસ્તા પર બંધ હાલતમાં પડેલા વાહનો દબાણ શાખા ટો કરીને ઉઠાવી લીધા હતા. જ્યારે દુકાનો આગળ થતા ગેરકાયદે પાર્ક વાહનો સામે પણ દબાણ શાખાએ લાલ આંખ કરી હતી.

વડોદરા મહાનગર સેવા સદનના દબાણ શાખા દ્વારા શહેરમાં ગેરકાયદેસર દબાણ દૂર કરવાની કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવી છે. જેમાં આજે દબાણ શાખાના અધિકારી મંગેશ જયસ્વાલ તથા તુવેરની દેખરેખ હેઠળ ન્યાય મંદિર કોર્ટ પાસે તથા આજુબાજુના વિસ્તારમાં સ્થાનિકો દ્વારા આડેધડ કરવામાં આવતા અનધિકૃત પાર્કિંગ હટાવવાની સઘન કાર્યવાહી કરવામાં આવી હતી.

### મહાનગરપાલિકા દ્વારા છેલ્લા સાત - આઠ વર્ષથી બજેટમાં જોગવાઈઓ કરવામાં આવી

## જામનગરમાં ત્રીજું સ્મશાન બનાવવા માટે પાલિકા દ્વારા રૂ. ૬ કરોડના ખર્ચને મંજૂરી

। પ્રતિનિધિ, જામનગર, તા.૨૭ ।

જામનગરમાં ત્રીજું સ્મશાન બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા છેલ્લા સાત - આઠ વર્ષથી બજેટમાં જોગવાઈઓ કરવામાં આવી રહી છે પરંતુ સ્મશાનનું મહુરત મળતું નથી, દરમિયાન આજની બેઠકમાં રૂ. ૬ કરોડના ખર્ચે ચેલા ગામના સર્વે નંબર વાળી જગ્યા માં સ્મશાન બનાવવાનો સૈધાંતિક સ્વીકાર કરાયો હતો. આ માટે જિલ્લા કલેકટર દ્વારા જગ્યા પણ ફાળવી દેવામાં આવી છે.જામમનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિન કમિટીની બેઠક આજે તા. ૨૭-૦૧-૨૦૨૬ના રોજ નિલેશ બી. કગથરા ના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. જેમાં કુલ ૧૦ સભ્યો ઉપરાંત મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, કમિશ્નર ડી.એન. મોદી, ડે. કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલા, સીટી એન્જીનીયર ભાવેશભાઈ જાની, આસી. કમિશ્નર (વ.) મુકેશ વરણવા, ઈચા. આસી. કમિશ્નર (ટે.) જીજ્ઞેશ નિર્મલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.વોર્ડ નં. ૪માં નવાગામ મધુરમ રેસીડેન્સીના છેડે નદી કાંઠા વાળા રોડ માં સી.સી. રોડ બનાવવા માટે રૂા. ૨૬.૮૩ લાખ , કેબલ ટી. વી. / મનોરંજન કર / વ્યવસાય વેરા ગ્રાન્ટ (સ્વભંડોળ) અન્વયે સીવીલ શાખા સાઉથ ઝોન વોર્ડ નં. ૮, ૧૫ અને ૧૬માં વોટર વર્કસ શાખા દ્વારા કરવામાં આવેલ ટ્રેન્ચમાં સી.સી. પેચવર્ક (સી.સી. ચરેડા) ના કામે વધારાના કામ અંગે રૂા. ૨૬.૫૭ લાખ , વોર્ડ નં. ૧૧, લાલવાડી વિસ્તાર જૈન દેરાસરવાળા ૧૫ મી. પહોળાઈ માં આઈસીઆઈસીઆઈ. બેંક થી મહાપ્રભુજી બેઠક તરફ જતા રોડ સુધી સી.સી. રોડ બનાવવાના કામ માટેરૂા.૫૧.૩૬ લાખ , વિધોતેજક મંડળ ને ગ્રાન્ટ ફાળવવા માટે રૂા. ૮ લાખ , જામનગર - લાલપુર રોડ પર ચેલા ગામ ના સર્વે નં. ૭૨૪ વાળી જગ્યામાં હિંદુ સ્મશાન બનાવવાના પ્રોજેકટને સૈધ્ધાંતિક મંજુરી આપવા અંગે કમિશ્નરની વધુ એક વખત દરખાસ્ત રજુ થતા રૂા. ૬ કરોડના ખર્ચ અંગે સૈધ્ધાંતિક મંજુરી આપવામાં



આવી હતી.જામનગર શહેરમાં સમપ ્ણ સર્કલથી મહાકાળી સર્કલ, નંદ નિકેતન સ્કુલ થઈ બેડી બંદર જંકશન સુધીના રીંગ રોડને ગ્રીન રીંગ રોડ મુજબ ડેવલોપ કરવા તથા આસ્ફાલ્ટ કાર્પેટ કરવાના કામ અંગે રૂા. ૨૦.૭૬ કરોડ , જામનગર મહાનગરપાલિકાના ભાગ નં. ૧,૨,૪ (પાવર લાઈન સેલ્સ એન્ડ સર્વિસ) તથા ભાગ નં. ૩ (ઓમ સ્વચ્છતા કોર્પોરેશન) માંથી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કામગીરી, ઓપન પોઈન્ટ ગાર્બેજ કલેકશન, બીન્સ, કલેકશન કરી પોતાના બંધ બોડીના વાહનો દ્વારા નિકાલ કરવાના કામ (એક્સટેન્શન) અંગે રૂા. ૧.૬૨ કરોડના ખર્ચેને બહાલી આપવામાં આવી હતી.

### મહેણાં-ટોણાં મારીને શારીરિક માનસિક ત્રાસ ગુજારતા હતા, તેવો ફરિયાદમાં આક્ષેપ કરાયો

## ફલોલીની પરિણીતાની પતિ, સાસરિયાના ત્રાસથી કંટાળી નહેરમાં મોતની છલાંગ

। પ્રતિનિધિ, નડિયાદ, તા.૨૭ ।

મહુધા તાલુકાના ફલોલી ગામની પરિણીતાએ પતિ, સાસુ તેમજ નણંદ-નણંદોઈ ત્રાસથી કંટાળી જઈને કેનાલના પાણીમાં ઝંપલાવી જિંદગીનો અંત આણ્યો હતો. આ મામલે મહુધા પોલીસે પતિ સહિત સાસરિયા સામે આપઘાત કરવા દુષ્પ્રેરણનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.મહુધા તાલુકાના ફલોલી ગામમાં રહેતા સંજય રાવજી રાવળના લગ્ન પંદર વર્ષ પહેલાં બોરસદ તાલુકાના ભાદરણ ગામના જશીબેન વિનુભાઈ સોમાભાઈ રાવળની દીકરી સંગીતાબેન રાવળના સાથે થયા હતા. લગ્નની શરૂઆતમાં પરિણીતાનું લગ્નજીવન સુખમય રીતે પસાર થયું હતું. આ લગ્ન જીવન દરમિયાન તેણીને ૧૪ વર્ષની દીકરી ડિમ્પલ અને ૧૨ વર્ષના દીકરો સચિન એમ બે બાળકો છે. આ દરમિયાન છેલ્લા દસેક વર્ષથી સંગીતાબેનને પતિ સંજય, સાસુ નંદા, નણંદ રાધા અને નણંદોઈ મનોજ રાવળ અવારનવાર ઘરકામ બાબતે તેમજ 'તું ગમતી નથી, તારા પિયરીયા ભીખારી છે, સંજય માટે બીજી પત્ની લાવવાની છે' તેવા મહેણાં-ટોણાં મારીને શારીરિક માનસિક ત્રાસ ગુજારતા હતા, તેવો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. આ દરમિયાન સંગીતાબેનને ગત તા. ૧૯-૧૨-૨૦૨૫ના રોજ સાસરિયાએ પહેરેલા કપ ડે કાઢી મૂકી હતી. જેથી તેણીએ પિયરની વાટ પકડી હતી બાદમાં તા. ૨૨-૦૧-૨૦૨૬ના રોજ નણંદ રાધા અને નણંદોઈ મનોજ હવે પછી તકલીફ નહીં પડે તેવી ખાતરી આપી સંગીતાબેનને સાસરીમાં બોલાવી ગયા હતા. બાદ તે જ દિવસે સાંજે સાડા ચાર વાગ્યાની આસપાસ સંગીતાબેને સાસરિયાના ત્રાસથી કંટાળી ફલોલી સીમમાંથી પસાર થતી નહેરમાં પડતું મૂકી જિંદગીનો અંત આણ્યો હતો.બાદમાં બીજા દિવસે તા. ૨૩-૦૧-૨૦૨૬ના રોજ કઠલાલ પોલીસની હદની નહેરમાંથી પરિરણીતાની લાશ મળી આવી હતી. આ બનાવ અંગે મહુધા પોલીસે આ અંગે તેણીના પતિ સંજય રાવજી રાવળ, સાસુ નંદા રાવજી રાવળ, નણંદ રાધા મનોજ રાવળ અને નણંદોઈ મનોજ કાભઈ રાવળ સામે આપઘાત કરવા દુષ્પ્રેરણા આપવાનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### ડિમોલિશન કામગીરીમાં તંત્રના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર

## પંચમહાલ : શહેરમાં હાલોલ અને શામળાજી હાઈવે પરથી ૨૦૦થી વધુ દબાણો દૂર કરાયા

। પ્રતિનિધિ, પંચમહાલ, તા.૨૭ ।

પંચમહાલ જિલ્લાના શહેરા શહેરમાંથી પસાર થતા હાલોલ-શામળાજી સ્ટેટ હાઈવે પર (૨૭મી જાન્યુઆરી) તંત્ર દ્વારા મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. હાઈવેની બંને તરફ ખડકાયેલા કાચા-પાકા દબાણોને કારણે સર્જાતી ટ્રાફિકની સમસ્યાને દૂર કરવા માટે જી.એસ.આર.ડી.સી. અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા સંયુક્ત કાર્યવાહી કરી રસ્તાઓને ખુલ્લા કરવામાં આવ્યા હતા.મળતી માહિતી અનુસાર, મંગળવારે વહેલી સવારથી જ શહેરાના બસ સ્ટેશન વિસ્તારથી લઈને અણીયાદ ચોકડી સુધીના મુખ્ય માર્ગ પર જેસીબી મશીનોની મદદથી ડિમોલિશન શરૂ કરાયું હતું. હાઈવે પર નડતરરૂપ પતરાના શેડ, દુકાનોના ઓટલા અને અન્ય ગેરકાયદે બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા. કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સ્થળ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત તહેનાત કરવામાં આવ્યો હતો.



આ ડિમોલિશન કામગીરીમાં તંત્રના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા, જેમાં જી.એસ.આર.ડી.સી.ના નાયબ કાર્યપાલક ઈજનેર, શહેરા પ્રાંત અધિકારી,નગરપાલિકા ચીફ ઓફિસર અને ટોલ વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.તંત્ર દ્વારા આ કાર્યવાહી કરતા પહેલા જોગવાઈ મુજબ હાઈવેની મધ્યમાંથી રેખા નિયંત્રણના નિશાન કરી માપણી કરવામાં આવી હતી. આ અગાઉ જીએસઆરડીસી દ્વારા ૨૦૦થી વધુ દબાણકારોને સ્વેચ્છાએ દબાણો દૂર કરવા માટે કાયદેસરની નોટિસ ફટકારવામાં આવી હતી. મુદત પૂર્ણ થતા જ આજે તંત્રએ લાલ આંખ કરી દબાણો હટાવવાનું શરૂ કર્યું હતું.

હાલોલ-શામળાજી હાઈવે પર સતત વાહનોની અવરજવર રહેતી હોય છે. શહેરાના મુખ્ય બજાર અને બસ સ્ટેશન વિસ્તારમાં દબાણોને કારણે વારંવાર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી હતી અને અકસ્માતનો ભય રહેતો હતો. આ દબાણો દૂર થવાથી હવે વાહનચાલકો અને સ્થાનિક રહીશોને મોટી રાહત મળશે.

### વિશ્વાસઘાત કરતા શિપબ્રેકરે તેના સેલ્સ મેનેજર સહિત ચાર શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી

## ભાવનગરના શિપબ્રેકર સાથે સેલ્સ મેનેજર સહિતનાએ કરી છેતરપિંડી


। પ્રતિનિધિ, ભાવનગર, તા.૨૭ ।

ભાવનગરમાં રહેતા શિપબ્રેકરના અલંગ શિપયાર્ડમાં આવેલ પ્લોટમાં સેલ્સ મેનેજરે અન્ય લોકો સાથે મેળાપીપણું કરીને ખરેખર માલની કિંમત કરતા ઓછી કિંમતે માલની ખરીદી વેચાણ કરાવી છેતરપિંડી અને વિશ્વાસઘાત કરતા શિપ બ્રેકરે તેના સેલ્સ મેનેજર સહિત ચાર શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગરના સરદારનગર રોડ, આશીર્વાદ બેંગલોઝ ખાતે રહેતા અને શિપ બ્રેકિંગનો વ્યવસાય કરતા સંજયભાઈ પ્રતાપભાઈ મહેતાની કંપનીમાં ફરજ બજાવતા સેલ્સ મેનેજર હકા વાજાએ રૂવાબઅલી સુવાલે શેખ સાથે મેળાપીપણું કરી કંપનીમાં રહેલ ફેઈન વજન-૧૨.૭૫૬ ટન તથા ૯.૫૬ ટન રૂ.૧૧.૩૧,૨૯૬ માં મુન્ના ભગવાનભાઈ દિહોરા (રહે.ત્રાપજ તા.તળાજા ) ગુજરાત આયર્ન એન્ડ સ્ટીલવાળા પાસે ખરીદ કરાવી, મુન્ના દિહોરાએ તેની અલંગ આયર્ન એન્ડ સ્ટીલ નામની કંપનીમાં આ માલ રૂ.૧૦,૫૧૦૫માં ખરીદી રાકેશ રાજીવ રંજન (રહે. મુંબઈ ) વાળા હસ્તક રૂ.૧,૬૫,૧૬૫ના ભાવથી મુંબઈ ખાતેની કંપનીને વેચાણ કર્યું હતું.તેમજ સેલ્સ મેનેજર હકા વાજા તથા રૂવાબએલી શેખએ કંપનીમાં રહેલ કેબલમાં ખરેખર વજન-૦૫ કિલોએ એક કિલો કોપર નીકળે તેના બદલે ૮ કિલો કેબલમાં ૧ કિલો કોપર દર્શાવી હકા વાજાએ માલ ઓછી ગુણવત્તાવાળો દર્શાવી કેબલ વજન-૧૮ ટન કિ.રૂ .૮૦૮૦ના ભાવથી રૂવાબઅલી શેખ પાસે ખરીદ કરાવી બંનેએ આથક લાભ મેળવી કંપની સાથે પુર્વઆયોજીત ગુન્હાહિત કાવતરૂ રચી,ખરેખર માલની કિંમત કરતાં ઓછી કિંમતે માલ ખરીદ-વેચાણ કરી,કરાવી છેતરપીંડી તથા વિશ્વાસઘાત કર્યો હતો.આ બનાવ સંદર્ભે સંજયભાઈએ ચાર શખ્સ વિરૂધ્ધ અલંગ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.સેલ્સ મેનેજર હકા વાજા કંપ નીમાં રહેલ માલનું વજન આછું દર્શાવતો હતો અને કેબલ વાયરની ઓછી ગુણવત્તા દર્શાવી અન્ય સાગરીતો સાથે મેણાપણું કરી આથક લાભ મેળવી રૂપિયા ગજવામાં નાખી છેતરપિંડી આચરતો હતો.

## વડોદરામાં એસઆઇઆરની કામગીરીનો વિરોધ । કોંગ્રેસ પ્રમુખ સહિતના કાર્યકરોની અટકાયત

। પ્રતિનિધિ, વડોદરા,તા.૨૭ ।

વડોદરામાં એસઆઈઆર પ્રક્રિયામાં ફોર્મ નં. ૭માં આપેલા વાંધા અરજીઓ તેમજ ફોર્મ નં.૭માં વિવિધ પ્રકારની છેડછાડ થઈ રહી હોવાના મુદ્દે જવાબ લેવા માટે કોંગ્રેસે હવે વિધાનસભા દીઠ કાર્યક્રમ યોજ્યો હતો. શહેર વિધાનસભા માટે જૂની કલેકટર કચેરી કોઠી ચાર રસ્તા, સયાજીગંજ વિધાનસભા માટે નર્મદા નહેર ભવન, છાણી જકાત નાકા, અકોટા, રાવપુરા, માંજલપુર વિધાનસભા માટે નવી કલેકટર કચેરી ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન સૂત્રોચાર કરી વિરોધ કરતા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિક જોષી તથા કાર્યકર્તાઓની પોલીસે ટિંગાટોળી કરીને અટકાયત કરવાની ફરજ પડી હતી. આ કાર્યકરોએ નાગરિકો સમક્ષ વિવિધ રજૂઆતો કરીને ચૂંટણી પંચના નિર્ણયનો પણ વિરોધ કર્યો હતો. આ અંગે શહેર પ્રમુખ ઋત્વિક જોષીએ જણાવ્યું હતું કે, એક તરફી મતદાર યાદી સુધારણાની કામગીરી ચાલી રહી છે, જેને કારણે અનેક મતદારોના નામો કમી કરવાની ફેરવી ચૂંટણી વિભાગ દ્વારા થઈ રહી છે. આ મુદ્દે જરૂર પડે કોર્ટમાં પણ જઈશું. વડોદરામાં એસઆઈઆર પ્રક્રિયામાં ફોર્મ નં. ૭માં આપેલા વાંધા અરજીઓ તેમજ ફોર્મ નં.૭માં વિવિધ પ્રકારની છેડછાડ થઈ રહી હોવાના મુદ્દે જવાબ લેવા માટે કોંગ્રેસે હવે વિધાનસભા દીઠ કાર્યક્રમ યોજ્યો હતો.



## અમદાવાદમાં ખાનગી હોસ્પિટલમાં યુવતીની છેડતી, શરમજનક કરતૂત કરનાર કર્મચારી સામે ફરિયાદ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં આવેલી મેટીસ હોસ્પિટલમાં માનવતા કિસ્સો સામે આવ્યો છે. અહીં આઈસીયુ વોર્ડમાં સારવાર લઈ રહેલી એક અર્ધબેભાન યુવતીની હોસ્પિટલના જ કર્મચારીએ છેડતી કરી હોવાની ઘટના બની છે. પીડિતા પ ોતાના પતિ સાથેના વિવાદને કારણે માનસિક તણાવમાં હતી અને તેણે આપઘાતનો પ્રયાસ કર્યો હોવાથી તેને સારવાર માટે આ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. વહેલી પરોઢે જ્યારે યુવતી ગાઢ નિદ્રા અને દવાની અસરમાં હતી, ત્યારે હોસ્પિટલના કર્મચારીએ તેની લાચારીનો લાભ ઉઠાવી શારીરિક અડપલાં કર્યા હતા.આ ઘટના સમયે યુવતીએ હિંમત દાખવી બૂમ પ ાડતા આરોપી ત્યાંથી ભાગી છૂટ્યો હતો. યુવતીએ તુરંત જ પોતાના પિતાને આ અંગે જાણ કરી હતી. જ્યારે પીડિતાના પિતાએ હોસ્પિટલ સત્તાધીશો પાસે સીસીટીવી ફૂટેજ જોવાની માંગણી કરી, ત્યારે હોસ્પિટલ સ્ટાફ દ્વારા સહકાર આપવાને બદલે ફૂટેજ બતાવવાનો સાફ ઈનકાર કરી દેવામાં આવ્યો હતો. જો કે, બાદમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે છેડતી કરનાર શખસનું નામ ઈન્દ્રજીત રાઠોડ છે, જે અસારવા વિસ્તારનો રહેવાસી છે અને હોસ્પિટલમાં જ ફરજ બજાવે છે.યુવતીની તબિયત વધુ લથડતા તેને વધુ સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સ્વાસ્થ્યમાં સુધારો થયા બાદ, પીડિતાએ સાબરમતી પોલીસ સ્ટેશન પહોંચી આરોપી ઈન્દ્રજીત રાઠોડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.







**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya